# રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 15 | Issue : 438 | Dt. 24-09-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT


# UNમાં નાપાકે ઝેર ઓક્યું

## કલમ ૩૭૦નો ઉલ્લેખ કરી ભારતને આપી પોકળ ધમકી

નવી દિલ્હી, તા.૨૩

કિસ્તાનના વિદેશ મંત્રી મોહમ્મદ ઇશાક ડારે ભારત પર નિશાન સાધ્યું છે. ન્યૂયોર્કમાં ગ્ગ જનરલ એસેમ્બલીના ૮૧મા સત્ર દરમિયાન, જમ્મુ-કાશ્મીર પર OIC કોન્ટેક્ટ ગ્રુપની મંત્રી-સ્તરીય બેઠકમાં પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી મોહમ્મદ ઇશાક ડારે ભારત પર આ આકરા પ્રહારો કર્યા છે. ડારે ભારત પર કાશ્મીરની ઓળખ, રાજકારણ અને સાંસ્કૃતિક માળખાને બદલવાનો આરોપ લગાવ્યો છે. ભાષણની શરૂઆતમાં ડારે સંપર્ક સમૂહના સભ્યો અને માનવાધિકાર આયોગનો આભાર વ્યક્ત કર્યો હતો. પાકિસ્તાને કહ્યું કે, OIC સતત કાશ્મીરના લોકોના અધિકારો અને તેમની માંગણીઓનું સમર્થન કરતું આવ્યું છે.

પાકિસ્તાને આરોપ લગાવ્યો કે ૫ ઓગસ્ટ ૨૦૧૯ પછી ભારતે લીધેલા નિર્ણયોનો હેતુ કાશ્મીરની ઓળખ, રાજકારણ અને સાંસ્કૃતિક માળખાને બદલવાનો છે. નવા ડોમિસાઇલ (રહેઠાણ) ના નિયમો, ચૂંટણી ક્ષેત્રોમાં ફેરફાર અને ગેર-કાશ્મીરીઓને મતદાર યાદીમાં જોડવા જેવા પગલાંઓને જમીની હકીકત બદલવાના પ્રયાસ તરીકે ગણાવ્યા હતા. ષણમાં કહેવામાં આવ્યું કે કાશ્મીરમાં નેતાઓ, પત્રકારો અને કાર્યકરોની ધરપકડ કરવામાં આવી રહી છે.

મીડિયાની સ્વતંત્રતા પર રોક લગાવવા, કાશ્મીર પ્રેસ ક્લબને બંધ કરવા અને સોશિયલ મીડિયા એકાઉન્ટ્સને બ્લોક કરવાનો ઉલ્લેખ કરતા આરોપ લગાવ્યો કે, આંતરરાષ્ટ્રીય સમુદાય અને પત્રકારોને ત્યાંની પરિસ્થિતિ જોવાની પરવાનગી આપવામાં આવી રહી નથી.સંયુક્ત રાષ્ટ્ર (UN) અને અન્ય વૈશ્વિક મંચો પર OIC દેશો કાશ્મીર મુદ્દા પર એક મજબૂત અને એકજૂથ વલણ અપનાવે.ભારત પાસે ૫ ઓગસ્ટ ૨૦૧૯ પછીના તમામ પગલાંઓ પાછા ખેંચવા, રાજકીય કેદીઓને મુક્ત કરવા અને વસ્તીવિષયક ફેરફારોને રોકવાની માંગ કરવામાં આવે તે વાત દોહરાવી હતી.




### આતંકવાદના આરોપોને ફગાવ્યા

મે ૨૦૨૫ માં બંને દેશો વચ્ચે થયેલા સૈન્ય સંઘર્ષનો ઉલ્લેખ કરતા કહેવામાં આવ્યું કે, બે અણુશક્તિ ધરાવતા દેશો વચ્ચેના કોઈપણ વિવાદને માત્ર તાકાતથી ઉકેલી શકાય નહીં. આતંકવાદના આરોપોને ફગાવતા પાકિસ્તાને કહ્યું કે સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર હેઠળ તેણે પોતાની રક્ષામાં પગલાં લીધા હતા. કોઈપણ સમસ્યાનો કાયમી ઉકેલ વાતચીત અને રાજદ્વારી નીતિ (કૂટનીતિ) થી જ શક્ય છે. પાકિસ્તાને કહ્યું કે સિંધુ જળ સંધિ એક આંતરરાષ્ટ્રીય કરાર છે, જેને કોઈ પણ દેશ એકતરફી રીતે સ્થગિત કે રદ્દ કરી શકે નહીં. કરારના નિયમો અને આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓનું સન્માન કરવું જોઈએ.

### UNGAમાં અમેરિકન વિદેશ મંત્રી અને જયશંકર વચ્ચે મુલાકાત

# રશિયા-ઈરાન, ટેરિફ સહિતના મુદ્દે ચર્ચા

નવી દિલ્હી, તા.૨૩

દેશ મંત્રી ડો. એસ. જયશંકરે ન્યૂયોર્કમાં UNGA સત્રમાં અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે મુલાકાત કરી છે. જયશંકરે અમેરિકાના નવા કાયદા તથા ભારતીય તેલ આયાત પર સંભવિત ૧૦૦% ટેરિફને લઈને ભારતની ચિંતાઓને વિશ્વ સમક્ષ ઉઠાવી છે. આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં ભારતે અમેરિકા દ્વારા તાજેતરમાં પસાર કરવામાં આવેલા 'લિન્ડસે ઓ. ગ્રેહામ સેંક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ ઓફ ૨૦૨૬' (SRIA) ને લઈને પોતાની ગંભીર ચિંતાઓ અને આર્થિક હિતોને અમેરિકી વિદેશ મંત્રી સમક્ષ મજબૂતીથી રજૂ કર્યા હતા.

આ બેઠક એવા સમયે થઈ છે, જ્યારે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગયા અઠવાડિયે જ SRIA કાયદા પર હસ્તાક્ષર કર્યા છે. આ કાયદા હેઠળ અમેરિકાને રશિયા પાસેથી તેલ અને ગેસ ખરીદનારા દેશો એવા ખાસ કરીને ભારત અને ચીન પર ૧૦૦ ટકા સુધીનો ટેરિફ લાદવાનો અધિકાર મળી ગયો છે.



બેઠક બાદ વિદેશ મંત્રી એસ. જયશંકરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર માહિતી આપતાં લખ્યું, 'સંયુક્ત રાષ્ટ્રના ઉચ્ચ સ્તરીય સપ્તાહ દરમિયાન અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોને મળીને આનંદ થયો. SRIA (રશિયા અને ઈરાન પર પ્રતિબંધ અધિનિયમ) ના સંબંધમાં ભારતના હિતો અને ચિંતાઓને પુનરાવર્તિત કરી. આ સિવાય અખાતી દેશો અને યુક્રેનની સ્થિતિ પર પણ ચર્ચા થઈ.' આ પહેલાં ભારત સરકારે સ્પષ્ટ વલણ અપનાવતા કહ્યું હતું કે, દેશ પોતાની આર્થિક સુરક્ષા અને ૧૪૦ કરોડ નાગરિકોની ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં ભરશે.

બીજી તરફ, અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ પણ આ મુલાકાત બાદ ડ પર પોસ્ટ કરતાં લખ્યું કે, 'આજે ન્યૂયોર્કમાં ભારતીય વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરને મળીને ખૂબ સારું લાગ્યું. આપણે મળીને ભારત-અમેરિકા વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત કરી રહ્યા છીએ, અને અગ્રણી પ્રાદેશિક પ્રાથમિકતાઓ તથા આગામી બહુપક્ષીય પ્રયાસો પર સમન્વય બનાવી રહ્યા છીએ.'ઉલ્લેખનીય છે કે, આ પહેલાં બંને નેતાઓની મુલાકાત આ જ વર્ષે જુલાઈમાં મનીલામાં થઈ હતી.

### ૨૦૨૭ની તૈયારી શરૂ : મૂલ્યાંકન પદ્ધતિ યથાવત્

# CBSEનું સેમ્પલ પેપર જાહેર




નવી દિલ્હી, તા.૨૩

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનએ ૧૦ અને ૧૨માં ધોરણની બોર્ડ પરીક્ષા ૨૦૨૭ની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ અંતર્ગત સીબીએસઈએ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષા ૨૦૨૭ની તૈયારીઓ માટે સેમ્પલ ક્વેશ્ચન પેપર જાહેર કર્યા છે. સીબીએસઈએ વિષયવાર સેમ્પલ ક્વેશ્ચન પેપર બહાર પાડ્યા છે. આ સાથે જ બોર્ડ પરીક્ષાની અસેસમેન્ટ અને માર્કિંગ સ્કીમ પણ જાહેર કરી છે, જેમાં સીબીએસઈ દ્વારા કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

સીબીએસઈએ ૧૦માંની બોર્ડ પરીક્ષા ૨૦૨૭ માટે કુલ ૬૧ વિષયોના સેમ્પલ પેપર જાહેર કર્યા છે. આ સાથે જ પરીક્ષા અસેસમેન્ટ અને માર્કિંગ સ્કીમ પણ બહાર પાડવામાં આવી છે. વિદ્યાર્થીઓ વિષયવાર સેમ્પલ પેપર ઓનલાઈન ડાઉનલોડ કરી શકે છે. વિષયવાર સેમ્પલ પેપરની સાથે બીજી લિંકમાં અસેસમેન્ટ અને માર્કિંગ સ્કીમની માહિતી આપવામાં આવી છે.

સીબીએસઈએ ૧૨માંની બોર્ડ પરીક્ષા ૨૦૨૭ માટે કુલ ૭૯ વિષયોના સેમ્પલ પેપર જાહેર કર્યા છે. આ સાથે જ પરીક્ષા અસેસમેન્ટ અને માર્કિંગ સ્કીમ પણ બહાર પાડવામાં આવી છે. વિદ્યાર્થીઓ વિષયવાર સેમ્પલ પેપર ઓનલાઈન ડાઉનલોડ કરી શકે છે. વિષયવાર સેમ્પલ પેપરની સાથે બીજી લિંકમાં અસેસમેન્ટ અને માર્કિંગ સ્કીમની માહિતી આપવામાં આવી છે.આ સેમ્પલ પેપરની મદદથી વિદ્યાર્થીઓ ૨૦૨૭ બોર્ડ પરીક્ષાની તૈયારી કરી શકે છે. જેમ કે, સેમ્પલ પેપરના માધ્યમથી વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષામાં પૂછાતા પ્રશ્નોની પેટર્ન વિશે જાણી શકે છે. તેને ઉકેલવાથી વિદ્યાર્થીઓ પોતાના ટાઈમ મેનેજમેન્ટને વધુ સારું બનાવી શકે છે. CBSEએ બોર્ડ પરીક્ષા ૨૦૨૭ માટે સેમ્પલ પેપર જાહેર કરવાની સાથે જ સ્પષ્ટ કર્યું છે કે, બોર્ડ પરીક્ષાની અસેસમેન્ટ અને માર્કિંગ સ્કીમમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. સીબીએસઈએ જણાવ્યું છે કે, બોર્ડ પરીક્ષાની અસેસમેન્ટ અને માર્કિંગ સ્કીમ ૨૦૨૬ બોર્ડ પરીક્ષાની જેમ જ રહેશે તેવું જાહેર કરાયું છે.

# પરમાણુ ઊર્જા અમારો અધિકાર : મસુદ

## UNમાં ઈરાની રાષ્ટ્રપ્રમુખના આકરા પ્રહાર, અમેરિકન પ્રતિનિધિમંડળનું વોકઆઉટ

નવી દિલ્હી, તા.૨૩

સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિયાને અમેરિકા અને ઈઝરાયેલ પર સાધ્યું નિશાન, આતંકવાદ અને ગાઝા મુદ્દે આપ્યા તીખા જવાબો

સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA) માં ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિયાને અમેરિકા અને ઈઝરાયેલ સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સંયુક્ત રાષ્ટ્રમાં પોતાના ભાષણ દરમિયાન ઈરાનને આતંકવાદનું મોટું સ્પોન્સર ગણાવીને તેના આર્થિક બહિષ્કારની અપીલ કરી હતી અને જો કરાર ન થાય તો સૈન્ય કાર્યવાહીની ચેતવણી પણ આપી હતી. ટ્રમ્પના આ નિવેદનનો જડબાતોડ જવાબ આપતા પેઝેશ્કિયાને સ્પષ્ટ કર્યું હતું કે ઈરાન પોતે આતંકવાદનો ભોગ બન્યું છે અને તે ખુદ આતંકવાદ સામે લડી રહ્યું છે. તેમણે જણાવ્યું કે આધુનિક ટેક્નોલોજી અને હથિયારોથી હુમલા થવા છતાં ઈરાન પોતાના રક્ષણ માટે મજબૂતીથી ઊભું છે અને તેણે ક્યારેય ઘૂંટણ ટેકવ્યા નથી. નોંધનીય છે કે, ઈરાની રાષ્ટ્રપ્રમુખનું ભાષણ શરૂ થતાં જ અમેરિકી પ્રતિનિધિમંડળે વિરોધ નોંધાવતા સભાખંડ છોડીને વોકઆઉટ કર્યો હતો.



પોતાના સંબોધન દરમિયાન પેઝેશ્કિયાને સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનેઈની હત્યા અને ઈરાનની એક શાળા પર થયેલા હુમલાનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. તેમણે સભાખંડમાં નિર્દોષ બાળકોની તસવીરો બતાવતાં અત્યંત આકરા શબ્દોમાં કહ્યું હતું કે આ બાળકોએ કોઈ ગુનો કર્યો નહોતો, છતાં અમેરિકન અને ઈઝરાયેલી હથિયારોથી થયેલા હુમલામાં તેમણે પોતાનો જીવ ગુમાવવો પડ્યો હતો. પેઝેશ્કિયાને સ્પષ્ટ આક્ષેપ કર્યો હતો કે આવા હિંસક કૃત્યો આચરનારા અને તેમને તાલીમ આપનારા જ વાસ્તવિક આતંકવાદી છે, જ્યારે ઈરાન માત્ર પોતાનો સ્વબચાવ કરી રહ્યું છે.

ઈરાની રાષ્ટ્રપ્રમુખે ઈઝરાયેલ પર સામાન્ય નાગરિકોને નિશાન બનાવીને તેમની હત્યા કરવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો. તેમણે ગાઝાની વર્તમાન સ્થિતિનો સંદર્ભ આપતાં એવો દાવો કર્યો હતો કે ગાઝામાં ૮૦ હજારથી વધુ નિર્દોષ નાગરિકો માર્યા ગયા છે. આ સાથે તેમણે મિનાબમાં સ્કૂલી બાળકો અને નાગરિક વિસ્તારો પર અગાઉ થયેલા હુમલાઓનો મુદ્દો પણ આંતરરાષ્ટ્રીય મંચ પર ઉઠાવ્યો હતો. અંતમાં, હોર્મુઝ, ન્યુક્લિયર એનર્જી અને દેશ પર લાદવામાં આવેલા આર્થિક પ્રતિબંધો અંગે વાત કરતાં તેમણે વિશ્વ સમક્ષ સ્પષ્ટ કર્યું હતું કે પરમાણુ ઊર્જા વિકસાવવી અને મેળવવી એ ઈરાનનો મૂળભૂત અધિકાર છે, અને કોઈપણ બાહ્ય દબાણ સામે તેમનો દેશ ક્યારેય ઝૂકશે નહીં.

# SIR વિવાદમાં ભાજપ-વિપક્ષ સામસામે

## મતદાર યાદી સુધારણા મુદ્દે રાજકીય ઘમાસાણ વધ્યું : લોકશાહીની હત્યા કરવાનું ભાજપે કાર્યાલય ખોલ્યાનો સંસદ અભિષેક મનુનો આક્ષેપ

નવી દિલ્હી, તા.૨૩

મતદાર યાદી સુધારણા મુદ્દે રાજકીય ઘમાસાણ અટકવાનું નામ નથી લેતું. વિપક્ષે વર્તમાન સરકારને બરાબરની ઘેરી હોવાનું જોવા, સાંભળવા મળી રહ્યું છે. મીડિયા પણ આ મુદે વિપક્ષને મહત્તમ ટેકો આપી રહ્યાનું દેખાય છે. લોકશાહીની હત્યા કરવાનું ભાજપે કાર્યાલય ખોલ્યાનો સંસદ અભિષેક મનુ સહીની આક્ષેપબાજી હવે સમરાંગણમાં પથરાઈ ગઈ છે.

વિપક્ષના વિવિધ નેતાઓના આક્ષેપો અને માંગણીઓ જોઈએ તો કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન પર પ્રહારો કરતા જણાવ્યું કે વિપક્ષ લાંબા સમયથી ચૂંટણી પંચની ભૂમિકા સામે સવાલો ઉઠાવી રહ્યો હતો જેની હવે પંચની અંદરથી જ પુષ્ટિ થઈ ગઈ છે. તેમણે દાવો કર્યો કે જીઈછ્ના પ્રથમ ત્રણ તબક્કામાં ૩૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ૧૩.૮ કરોડ નામો ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી બાકાત કરી દેવાયા છે. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ ૭૩ વિપક્ષી સાંસદો દ્વારા સીઈસીને હટાવવા માટે રાજ્યસભામાં નોટિસ અપાઈ હોવાનો ઉલ્લેખ કરી તેમણે વડાપ્રધાન પાસે જવાબ માંગ્યો હતો.

કોંગ્રેસના વરિષ્ઠ વકીલ અને સાંસદ અભિષેક મનુ સિંઘવીએ આક્ષેપ કર્યો કે ભાજપે લોકશાહીની હત્યા કરવાનું કાર્યાલય ખોલી નાખ્યું છે, પંચમાં 'આંતરિક બુલડોઝર' ચાલી રહ્યું છે અને બંને કમિશનરોની અસહમતિની તમામ નોંધ તાત્કાલિક જાહેર થવી જોઈએ. તેમણે ફોર્મ-૬માં કરાયેલા ફેરફારો ગેરકાયદેસર ગણાવ્યા અને સીઈસીના રાજીનામાની માગ કરી. લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ મતની ચોરીને નાગરિકો સામેનો ગુનો અને બંધારણ પર હુમલો ગણાવી ભાજપ, આરએસએસ અને ચૂંટણી પંચ પર દેશદ્રોહનો આરોપ લગાવ્યો. કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીએ કહ્યું કે ચૂંટણી ખોટી રીતે થઈ રહી હોય અને કમિશનર તે થવા દે તો તે ગદ્દારી છે. પાર્ટીના મહાસચિવ કે.સી. વેણુગોપાલએ સાચા મતદારોના નામ કાપી બોગસ નામો ઉમેરાયાનો દાવો કરી સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ તપાસની માંગ કરી.



પૂર્વ કેન્દ્રીય મંત્રી પી. ચિદમ્બરમે દેશભરમાં જીઈછ પ્રક્રિયા તાત્કાલિક અટકાવી સંસદીય સમિતિ દ્વારા તપાસની માગ કરી, જ્યારે દિગ્વિજય સિંહએ આક્ષેપ કર્યો કે વર્તમાન વડા હેઠળ ચૂંટણી પંચ શાસક પક્ષના એક સંગઠનની જેમ વર્તી રહ્યું છે.

આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલએ દાવો કર્યો કે પંચ ત્રણ સભ્યોની સંસ્થા હોવા છતાં કોઈ પણ સત્તાવાર બેઠક વિના આદેશો જારી કરાયા છે. તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને ભ્રષ્ટ ગણાવી તેમની ધરપકડ કરવાની અને દિલ્હી, મહારાષ્ટ્ર, બિહાર, બંગાળ, હરિયાણા, મધ્યપ્રદેશ અને રાજસ્થાન સહિતની તમામ ચૂંટણીઓ રદ કરી ૩ વર્ષ જૂની યાદી પુનઃસ્થાપિત કરવાની માગ કરી. આપના સાંસદ સંજય સિંહે જ્ઞાનેશ કુમાર પર મત કાપવાનો ગુનો નોંધવા અને છેતરપિંડી થઈ હોય ત્યાં ચૂંટણી રદ કરવા જણાવ્યું. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ જણાવ્યું કે ચૂંટણી પંચ પર ભાજપના આઈટી સેલનો કબજો થઈ ગયો છે. શિવસેના(યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ બંને ચૂંટણી કમિશનરોની હિંમતને બિરદાવી દેશમાં લોકશાહીની હત્યા અટકાવવા સુપ્રીમ કોર્ટને હસ્તક્ષેપ કરવા અને સીઈસીને જેલમાં મોકલવા માગ કરી. સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે આ ઘટનાને લોકશાહીને ખતમ કરવાનું મોટું ષડયંત્ર ગણાવી સર્વોચ્ચ અદાલત સમક્ષ આપમેળે સંજ્ઞાન લેવાની અપીલ કરી. આરજેડી નેતા તેજસ્વી યાદવે દાવો કર્યો કે બિહાર, મહારાષ્ટ્ર, હરિયાણા અને બંગાળમાં તંત્રનો દુરુપયોગ કરીને ચૂંટણીઓ હરાવવામાં આવી છે, જ્યારે ડીએમકે વડા એમ. કે. સ્ટાલિને જણાવ્યું કે સીઈસીએ પદ પર રહેવાનો નૈતિક અધિકાર ગુમાવી દીધો છે અને તેમણે રાજીનામું આપવું જ પડશે.

ભાજપનો બચાવ અને વળતો પ્રહાર વિપક્ષના આક્રમક વલણ સામે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા સંબિત પાત્રાએ વળતો પ્રહાર કરતા જણાવ્યું હતું કે ૨૦૧૪ પછી જનતા વિપક્ષને સતત નકારી રહી છે અને લોકશાહી ઢબે પરાજય થતાં વિપક્ષી પક્ષો હતાશામાં આવીને બંધારણીય સંસ્થાઓને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે ચૂંટણી પંચના સભ્યો વચ્ચે ૧૪ વખત થયેલો પત્રવ્યવહાર એ સાબિત કરે છે કે પંચમાં સરમુખત્યારશાહી નથી પરંતુ લોકશાહી ઢબે વિચાર-વિમર્શ થાય છે અને આખરે તમામ નિર્ણયો સર્વસંમતિથી જ લેવાયા છે. તેમણે બંગાળના આંકડા ટાંકીને ઉમેર્યું કે જ્યાં સૌથી વધુ નામો રદ થયા તેવી ૨૦ બેઠકોમાંથી ૧૩ બેઠકો પર તૃણમૂલ કોંગ્રેસ જીતી છે અને ભાજપને માત્ર ૬ બેઠકો મળી છે, જેથી વોટ ચોરીનો આરોપ વાહિયાત છે. સુપ્રીમ કોર્ટે ૨૭ મે ૨૦૨૬ના રોજ પોતાના ચુકાદામાં જીઈછ પ્રક્રિયાની માન્યતા યથાવત રાખી હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.

### પડધરીના સરપદડના વેપારી પાસેથી વ્યાજ-દસ્તાવેજ રદના કરવાના નામે છેતરપીંડી

# અલ્પેશ દોંગાની ટોળકીએ પડાવ્યા કરોડ

## શરાફી મંડળીમાંથી સાડા પાંચ લાખનું ધિરાણ આપી સાટાખતના બહાને ખેતીનો દસ્તાવેજ કરાવી લીધોઃ પછી રદ્ધ કરવાના નામે નાણા પડાવ્યાઃ અલ્પેશની ધરપકડઃ બીજા ચારની શોધખોળ

રાજકોટ તા. ૨૩

અગાઉ અનેક વખત પોલીસ ચોપડે ચડી ચુકેલા અલ્પેશ દોંગા અને ટોળકીએ વધુ એક વેપારી પાસેથી એક કરોડથી વધુની રકમ પડાવી લીધાનો કિસ્સો પડધરી પોલીસના ચોપડે ચડતાં અલ્પેશની ધરપકડ કરી બીજ ચારની શોધખોળ હાથ ધરવામાં આવી છે. પડધરીના સરપદડ ગામના વેપારી પાસેથી વ્યાજ અને દસ્તાવેજ રદના એક કરોડ સાત લાખની રકમ પડાવી લેનાર રાજકોટના અલ્પેશ દોંગા અને તેના ૪ સાગ્રીતો સામે પડધરી પોલીસમાં ફરીયાદ દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી છે.

પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ પડધરીના સરપદડ ગામે કરીયાણા અને ચાની દુકાન ચલાવતાં પચ્ચીસ વર્ષીય યુવા વેપારી પ્રજ્ઞેશભાઇ કિશોરભાઇ ઝાલાવડીયાએ અલ્પેશ ગોપાલભાઈ દોંગા રહે. રાજકોટ, અક્ષીત અકબરી ઉર્ફે હેપી પટેલ રહે. રાજકોટ, ચંદુભાઈ છગનભાઈ વીરડીયા રહે. રાજકોટ, પીયુષભાઈ ચંદુભાઈ વીરડીયા રહે. રાજકોટ તથા હરેનભાઈ રતિભાઈ લુણાગરીયા રહે. સરપદડ તા.પડધરી સામે પડધરી પોલીસમાં ફરીયાદ દાખલ કરાવી છે. જેમાં તેણે પોતાની સાથે એક કરોડની ઠગાઇ થયાનો આરોપ મુક્યો હોઇ પોલીસે હાલ તુર્ત અલ્પેશને સાણસામાં લઇ બાકીનાની શોધખોળ યથાવત રાખી હતી.

આ કેસમાં ફરિયાદની વિશેષ માહિતી અનુસાર પૂર્વઆયોજિત ગુનાહિત કાવતરું રચી, સમાન ઈરાદો પાર પાડવા સારુ ફરિયાદીની નાણાકીય જરૂરીયાતનો ગેરલાભ લઈ, આરોપી અલ્પેશ ગોપાલભાઈ દોંગાએ ખેતીની લોન પેટે રૂ. ૫,૫૦,૦૦૦ ધિરાણ કરી તેના પર માસિક પૅ લેખે વ્યાજે આપી સરકારશ્રીના નાણા ધીરધાર અધિનિયમના નિયમ વિરુધ્ધ લાઈસન્સ વગર ઉંચા વ્યાજના દરે પૈસા આપી ગેરકાયદેસર વ્યાજની પઠાણી ઉઘરાણી કરી વ્યાજ વસુલાત કરી, જમીનનો સાટાખત કરી આપવાનું કહી સબ-રજીસ્ટ્રાર કચેરી પડધરી ખાતે




ફરિયાદીની જમીનનો રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી છેતરપીંડી કરી હતી.

ત્યારબાદ ફરિયાદીએ મુદ્દલ તથા વ્યાજ સહિત પૂરેપૂરા રૂ. ૯,૮૬,૦૦૦ ચૂકવી આપવા છતાં દસ્તાવેજ રદ ન કરી, સદરહુ દસ્તાવેજ આધારે રૂ.૮૦ લાખ ઉપાડી લીધાનું કહી જમીન મુક્ત કરાવવાના બહાને આરોપી અલ્પેશ દોંગાએ ફરિયાદી પાસેથી એક વર્ષનું માસીક રૂ.૨૭,૫૦૦ લેખે કૂલ પૅ લેખે વ્યાજ સહીત રૂ.૩,૩૦,૦૦૦ રકમ મેળવેલ તે ઉપરાંત રૂ. ૯,૮૬,૦૦૦ મળી કુલ રૂ. ૧૩,૧૬,૦૦૦ સહીત વધુ રૂ. ૪૦,૦૦,૦૦૦ બળજબરીથી પડાવી લઈ તેમજ આરોપી પીયુષભાઈ ચંદુભાઈ વીરડીયાએ જમીન પરત નામે કરી આપવા સારુ વધુ રૂ. ૫૪,૦૦,૦૦૦ પડાવી લઈ, ખોટી ફરીયાદ કરી જેલમાં નાખી દેવાની ધમકી આપી કુલ રૂ. ૧,૦૭,૧૬,૦૦૦ની રકમ બળજબરીથી પડાવી લીધી હતી.

આ રીતે પઠાણી ઉઘરાણી કરી ગુનાહિત છેતરપિંડી આચરી તેમજ ફરિયાદી તથા તેના પિતાને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ફરીયાદમાં વધુમાં જણાવ્યા મુજબ આરોપી અલ્પેશ દોંગા રાજકોટના નાના મોવામાં પટેલ ઈન્વેસ્ટ પોઈન્ટ નામે મંડળી ચલાવતો હોવાનું અને તેના એજન્ટ અક્ષીત અકબરી ઉર્ફે હેપી પટેલ રે. રાજકોટ મારફત ફરીયાદીએ તેની ખેતીની જમીન ઉપર ધિરાણ લેતા આરોપી અલ્પેશ દોંગાએ ફરીયાદીનું જમીનનું સાટાખતના બદલે દસ્તાવેજ કરાવી લીધો હતો. ફરીયાદીને ૧૩૫ની ડીની નોટીસ મળતા ચોંકી ઉઠતા અલ્પેશ દોંગાને જાણ કરી હતી.

આથી તેણે ફરીયાદીને એવુ કહેલ કે દસ્તાવેજ પેન્ડીંગ છે એટલે આવી ત્રણ નોટીસો આવશે. આરોપી અલ્પેશ દોંગાએ પિયુષ વીરડીયાના નામે દસ્તાવેજ કરાવી લીધો હતો. અને બાદમાં તેણે જમીન પરત નામે કરવા ૫૪ લાખ પડાવી લીધા હતાં. આરોપીઓએ પૂર્વયોજીત્ર કાવત્રુ રચુ ફરીયાદી પાસેથી કુલ ૧.૦૭ કરોડ પડાવી લીધા હતાં. પડધરી પોલીસે આ ફરીયાદ અન્વયે ગુન્હો દાખલ કરી મુખ્ય આરોપી અલ્પેશ દોંગાની ધરપકડ કરી હતી. જયારે અન્ય ૪ આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. પકડાયેલ અલ્પેશ દોંગા સામે રાજકોટ શહેર અને જીલ્લામાં છેતરપીંડીના ગુન્હાઓ અગાઉ નોંધાઇ ચુક્યા હતાં.

---

### હિરાસર એરપોર્ટને જોડતા ૩૬ કિ.મી.ના 'ગ્રીનફિલ્ડ બાયપાસ' માટે જમીન સંપાદનનો ધમધમાટ

# હાઈવે કનેક્ટિવિટીમાં નવો અધ્યાય

રાજકોટ, તા. ૨૩

રાજકોટ શહેરના માર્ગ વ્યવહારને સંપૂર્ણપણે નવી દિશા આપવા અને ટ્રાફિકની સમસ્યામાંથી કાયમી મુક્તિ અપાવવા માટે નેશનલ હાઇવે ઓથોરિટી દ્વારા એક અત્યંત મહત્વકાંક્ષી પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું છે. ગોંડલ હાઇવેથી શરૂ કરીને સીધા અમદાવાદ હાઇવે પર આવેલા હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટને જોડતા ૩૬ કિલોમીટર લાંબા સિક્સલેન ગ્રીનફિલ્ડ રાજકોટ બાયપાસના નિર્માણ માટેનું માસ્ટર પ્લાનિંગ હવે અમલીકરણના તબક્કામાં પહોંચી ગયું છે. આ વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ માટે અંદાજે ૧૮ હજાર એકર જેટલી જમીન કપાસમાં આવી રહી છે. જે અંતર્ગત જમીન સંપાદનની સત્તાવાર કાર્યવાહી આ જ મહિનાના અંત સુધીમાં પૂરજોશમાં શરૂ કરી દેવામાં આવશે. આ સમગ્ર પ્રોજેક્ટના રૂટમાં આવતા કુલ ૨૪ જેટલા ગામોના ખેડૂતો અને જમીન માલિકોને વારાફરતી બોલાવીને સુનાવણી હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગે ખાસ જમીન સંપાદન અધિકારીની કચેરી, રાજકોટ દ્વારા સંબંધિત તમામ જમીન માલિકો અને હિતધારકોને વિધિવત નોટિસ



પાઠવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સરકારના આ નવા પ્રોજેક્ટ અંતર્ગત જમીન સંપાદનની સમગ્ર કાર્યવાહી નેશનલ હાઈવે એક્ટ-૧૯૫૬ની કલમ-૩(અ) હેઠળ આગળ ધપાવવામાં આવી રહી છે. અગાઉ પ્રસિદ્ધ થયેલા જાહેર નોટિફિકેશન તેમજ સત્તાવાર ગેઝેટમાં છપાયેલી વિગતોના આધારે કાયદાકીય પ્રક્રિયાને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. જો કોઈ વ્યક્તિ કે જમીન માલિકને આ સંપાદન સામે વાંધો કે રજૂઆત હોય, તો તેમને સાંભળવા માટે ખાસ સુનાવણીનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

તંત્ર દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર, આગામી ૩ ઓક્ટોબરના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યાથી આ સુનાવણીની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. તમામ વાંધાધારકો અને અરજદારોને પોતાના માલિકીના જરૂરી કાગળો, દસ્તાવેજો અને આધાર-પુરાવા સાથે નિયત સમયે હાજર રહેવા માટે સૂચના આપવામાં આવી છે. સુનાવણી દરમિયાન રજૂ થનારા તમામ વાંધાઓ અને રજૂઆતોને ગંભીરતાથી ધ્યાને લઈ નિયમાનુસાર યોગ્ય અને ન્યાયી નિર્ણય લેવામાં આવશે.

આ ૬-લેન ગ્રીનફિલ્ડ બાયપાસ પ્રોજેક્ટ રાજકોટ માટે અત્યંત મહત્વનો સાબિત થવાનો હોવાથી સ્થાનિક ખેડૂતો અને જમીન માલિકોમાં પણ આ નોટિસને લઈને ભારે રસ અને ચર્ચા જોવા મળી રહી છે. આ બાયપાસના નિર્માણથી રાજકોટ શહેરની અંદરના મુખ્ય માર્ગો પરથી ભારે વાહનોનું રોજના ધોરણે રહેતું ભારણ ખૂબ જ ઘટી જશે. આ ઉપરાંત, લાંબા અંતરની મુસાફરી કરતા વાહનોને શહેર વચ્ચેથી પસાર થયા વિના જ બહારથી નીકળી જવાનો એક સીધો અને ઝડપી વૈકલ્પિક માર્ગ મળી રહેશે. હિરાસર એરપોર્ટ સુધી પહોંચવામાં પણ સમય અને ઈંધણની મોટી બચત થશે, જેનાથી સમગ્ર વિસ્તારમાં પરિવહન સુવિધા વધુ સુગમ અને ઝડપી બનશે.

---

# તમારા સંબંધીઓમાં કોઈ બુટલેગર કે હિસ્ટ્રીશીટર છે?

### રાજકોટ રેન્જ આઈજી દ્વારા ડી-સ્ટાફ પાસેથી ૭ મુદ્દાની મંગાઈ માહિતી

રાજકોટ,તા.૨૩

રાજકોટ રેન્જમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબૂત અને પારદર્શક બનાવવા માટે રેન્જ આઈજી નિર્લિપ્ત રાય દ્વારા એક કડક નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય અંતર્ગત રેન્જ હેઠળ આવતા તમામ જિલ્લાઓના પોલીસ સ્ટેશનોમાં ફરજ બજાવતા ડી-સ્ટાફના કર્મચારીઓ પાસેથી ખાસ સાત મુદ્દાની વિગતો માંગવામાં આવી છે, જેમાં કર્મચારીઓ અને તેમના સગા-સંબંધીઓમાં કોઈ હિસ્ટ્રીશીટર કે બુટલેગર છે કે નહીં તેની સ્પષ્ટ માહિતી આપવાનું જણાવવામાં આવ્યું છે.

આવી માહિતીના આધારે આગામી દિવસોમાં ડી-સ્ટાફની કાર્યપદ્ધતિમાં મોટો ફેરફાર કરી માત્ર સ્વચ્છ અને લાયક છબી ધરાવતા પોલીસકર્મીઓને જ જવાબદારી સોંપવામાં આવશે. અગાઉ કેટલાક કિસ્સાઓમાં પોલીસકર્મીઓની શંકાસ્પદ ભૂમિકા સામે આવતા સસ્પેન્શન સુધીની કડક કાર્યવાહી કરવામાં આવી હોવાનું કહેવાય છે. ત્યારે આવા નવા પગલાનો મુખ્ય ઉદ્દેશ્ય પોલીસ બેડામાંથી ભ્રષ્ટાચાર અને ગુનાહિત જોડાણોને નાબૂદ કરી પ્રજાને સાચો ન્યાય અને રક્ષણ અપાવવાનો હોવાનું મનાય છે. આવા નવા આદેશ અનુસાર, ડી-સ્ટાફમાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓ અને તેમના સગા-સંબંધીઓમાં કોઈ હિસ્ટ્રીશીટર, બુટલેગર કે ગુનેગાર છે કે નહીં તેની સ્પષ્ટ વિગતો મંગાવવામાં આવી છે. કર્મચારીનું નામ, મૂળ વતન, હાલનું સરનામું તેમજ તેઓ કેટલા સમયથી ડી-સ્ટાફમાં ફરજ બજાવી રહ્યા છે તેની સંપૂર્ણ માહિતી આપવાની રહેશે. જો કોઈ સગા-સંબંધીનો ગુનાહિત રેકોર્ડ હોય, તો તેમનું નામ અને કર્મચારી સાથેનો તેમનો શું સંબંધ છે તે પણ જણાવવું ફરજિયાત કરવામાં આવ્યું છે. હવે રેન્જ આઈજીના આવા નિર્ણયથી પોલીસ બેડામાં સાફ-સુધારા કર્મચારીઓ જ ડી સ્ટાફમાં રહી શકશે તેવી ચર્ચાઓ કોઈનો ભોગ લેશે કે ભારેખમ જવાબદારી વાળી નોકરી કરતા થઇ જશે ? તે તો સમય જ બતાવશે.

---

### દારૂના અલગ અલગ દરોડામાં ચપલા-બોટલ સાથે ચાર પકડાયા

# વડાળીમાં પત્તા ટીચતા નવ પકડાયા

રાજકોટ તા. ૨૩

વધુ એક દરોડામાં રાજકોટ નજીક વડાળી ગામે લોઠડા જવાના રસ્તે વાડી વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતી મહિલા સહિત ૯ પત્તાપ્રેમીને આજીડેમ પોલીસે ઝડપી લઇ કાર્યવાહી કરી હતી. આજીડેમ પોલીસના પી.આઇ. એચ. એન. પટેલની રાહબારીમાં હેડ કોન્સ્ટેબલ ડી. જી. પાલા, ભરતભાઇ જોગીયા સહિતના સ્ટાફે બાતમીના આધારે વડાળી ગામે લોઠડા જવાના રસ્તે વાડી વિસ્તારમાં ચાલતા જુગારધામ પર દરોડો પાડયો હતો.

પોલીસે જાહેરમાં પત્તા ટીચવા બેસી ગયલા લાલજી તળશીભાઇ જાદવ, રાજેશ નારાયણભાઇ ખીસડીયા , નાનજી જાદવભાઇ મેર, દિનેશ સાવશીભાઇ મેર, કાના નાગજીભાઇ મેર, મેહુલ દાનભાઇ મેર (રહે. બધા વડાળી ગામ તા. રાજકોટ), ધીરૂ રામભાઇ જરવરીયા (રહે. મોલડી ગામ, તા. ચોટીલા), કમલેશ દામજીભાઇ મોલીયા (રહે. તિરૂપતી સોસાયટી, ગ્રીનલેન્ડ ચોકડી પાસે), અને ધર્મિષ્ઠાબેન કમલેશભાઇ મોલીયા (રહે. તીરૂપતી સોસાયટી, ગ્રીનલેન્ડ ચોકડી પાસે) ને રૂા. ૨૧૮૩૦ ની રોકડ સાથે ઝડપી લઇ કાર્યવાહી કરી હતી.

બીજી તરફ દારૂના દરોડામાં ચાર પકડાઇ ગયા હતાં. શહેરમાં લક્ષ્મીનગર વિસ્તાર અને જંકશનના ગાયકવાડીમાં મકાનમાં પીસીબીની ટીમે બાતમીના આધારે દરોડો પાડી ત્રણ સ્કુટરની ડેકીમાંથી ૪૫ બોટલ અને મકાનમાંથી ૧૨ બોટલ સાથે કુલ ૪ આરોપીને ઝડપી લઇ કાર્યવાહી કરી હતી. પીસીબી પીઆઇ એમ. આર. ગોંડલીયાની રાહબરીમાં હેડ કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણા સહિતના સ્ટાફે લક્ષ્મીવાડી શેરી નં. ૧૦ માંથી મહિપતસિંહ ગંભીરસિંહ વાઘેલા (રહે. કાંતા સ્ત્રી વિકાસગૃહ સામે), સાગર ઉર્ફે રાજો નિલેષભાઇ ખેર (ઉ.વ. ૨૭) અને જયદેવ સુરેશભાઇ પરમાર (રહે. બંને લક્ષ્મીવાડી ૭ ને ઝડપી લઇ ૨૮ હજારની દારૂની ૪૫ બોટલ, ત્રણ સ્કુટર સહિત કુલ રૂા. ૧.૧૯ લાખના મુદામાલ સાથે ઝડપી લઇ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. અન્ય દરોડામાં પીસીબીનાં હેડ કોન્સ્ટેબલ વી. જે. જાડા અને કિરતસિંહ ઝાલા સહિતના સ્ટાફે જંકશન પ્લોટમાં ગાયકવાડીમાં રહેતાં સારીક હાસમભાઇ જુણેજા ના મકાનમાંથી તેને રૂા. ૧૫,૬૦૦ની દારૂની ૧૨ બોટલ સાથે ઝડપી લઇ પ્ર.નગર પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો.

---

# ફૂટબોલ ટુર્નામેન્ટ માટે ડિસ્ટ્રિક્ટની ટીમ રવાના

### ત્રણેય ટીમો વચ્ચે સુપર લીગની મેચો રમાડી ચેમ્પિયન-રનરઅપ ટીમ થશે નક્કી

રાજકોટ, તા.૨૩

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન દ્વારા આયોજિત 'રિલાયન્સ ૬૫ સિનિયર મેન્સ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટ - ૨૦૨૬' ના ફાઈનલ રાઉન્ડમાં ભાગ લેવા માટે રાજકોટ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલની ટીમ રવાના થઈ ગઈ છે.



ટુર્નામેન્ટના ફાઈનલ રાઉન્ડના લીગ સ્ટેજની મેચો ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૬ થી ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન ગાંધીનગર ખાતે રમાડવામાં આવશે. ફાઈનલ રાઉન્ડ માટે ક્વાલિફાય થયેલી કુલ ૧૨ ટીમોમાં જામનગર, ગાંધીનગર, પંચમહાલ, વડોદરા, અમદાવાદ, આણંદ, રાજકોટ, જૂનાગઢ, છોટાઉદેપુર, અરવલ્લી, ભાવનગર અને દેવભૂમિ દ્વારકાની ડિસ્ટ્રિક્ટ ટીમોનો સમાવેશ થાય છે. આ ક્વાલિફાય થયેલી તમામ ટીમોને ત્રણ ગ્રુપમાં વહેંચીને ફાઈનલ રાઉન્ડની લીગ મેચો રમાડવામાં આવશે. રાજકોટ ડિસ્ટ્રિક્ટની ટીમની મેચો આગામી દિવસોમાં રમાશે, જેમાં ૨૪ સપ્ટેમ્બરે દેવભૂમિ દ્વારકા સાથે, ૨૬ સપ્ટેમ્બરે જૂનાગઢ સાથે અને ૨૭ સપ્ટેમ્બરે છોટાઉદેપુરની ટીમ સાથે રોમાંચક મુકાબલો થશે. આ ત્રણ ગ્રુપમાં જે ટીમો ટોપ કરશે, તે ત્રણેય ટીમો વચ્ચે સુપર લીગની મેચો રમાડીને ચેમ્પિયન અને રનર-અપ ટીમ નક્કી કરવામાં આવશે તેવું જાહેર કરાયું છે.

મહત્વપૂર્ણ ટુર્નામેન્ટ માટે રાજકોટની ટીમમાં ગોલકીપર તરીકે આદિત્યરાજ ચુડાસમા અને મોહિત ચૌહાણની પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત ટીમમાં રીતેષ પંડ્યા, અક્ષય લુણાગરિયા, અભિજીતસિંહ ચૌહાણ, જુબેર અહેમદ, પુષ્પરાજસિંહ ગોહિલ, નમ્રકુમાર ભટ્ટી, અંકિત જવલકોટિ, દીપ રાજગોર, યોગેશ ચૌહાણ, દિવ્યરાજસિંહ ઝાલા, જયકિશન કાચા, યતિન મકવાણા, હિતાશું ભટ્ટ, અર્ચિત મોદી, કરમજીતસિંહ ભમરાહ, જયેશ ચૌધરી, ઝાઈદ બ્લોચ અને અમન દલ જેવા શ્રેષ્ઠ ખેલાડીઓ મેદાનમાં ઉતરશે. ટીમના શાનદાર માર્ગદર્શન માટે હેડ કોચ તરીકે રણજીતસિંહ સિસોદિયા અને મેનેજર તરીકે આનંદ મુંડાની નિમણૂક કરવામાં આવી છે.

રાજકોટની ટીમને ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા માટે રાજકોટ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશનના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા, ડી. વી. મહેતા, બી.કે. જાડેજા અને સેક્રેટરી રોહિત બુંદેલા દ્વારા હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી છે. તેમની સાથે એસોસિએશનના અન્ય સભ્યો જીવનસિંહ બારડ, અમૃતલાલ બૌરાસી, અજય ભટ્ટ, રાજેશ ચૌહાણ, અમિત સિયાળિયા, મનદીપસિંહ બારડ, આશિષ ગુરુંગ, રફેલ ડાભી, શિવરાજસિંહ ચાવડા, રોહિત પંડિત અને દીપકરાવ યસવંતેએ પણ ટીમને વિજય મેળવવા માટે શુભેચ્છાઓ આપી છે.

---

### રાજકોટમાં ભવ્ય 'ગાંધી સંવાદ'

# જળ પુરુષ રાજેન્દ્રસિંહ સાથે વિશેષ કાર્યક્રમ

### વિશ્વગ્રામ પ્રેરિત 'બંદે મેં હૈ દમ - ગાંધી ૧૫૮ નોટઆઉટ!' અભિયાન અંતર્ગત રાજકોટની વિવિધ યુનિવર્સિટીઓમાં વિશેષ આયોજન

રાજકોટ, તા.૨૩

રાજકોટના આંગણે વિશ્વગ્રામ દ્વારા 'બંદે મેં હૈ દમ - ગાંધી ૧૫૮ નોટઆઉટ!' પહેલ અંતર્ગત 'ગાંધી સંવાદ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સ્ટોકહોમ વોટર પ્રાઈઝ અને મેગ્સેસે એવોર્ડ વિજેતા તથા ભારતના 'જળ પુરુષ' (Waterman of India) તરીકે જાણીતા રાજેન્દ્રસિંહ યુવાનો અને વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કરશે. આગામી ૨૫ અને ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ રાજકોટની ચાર નામાંકિત યુનિવર્સિટીઓમાં આ કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમની શરૂઆત ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૧:૩૦



વાગ્યા દરમિયાન આત્મીય યુનિવર્સિટી ખાતે થશે, જેમાં એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ



માટે 'ગ્લોબલ વોર્મિંગ એન્ડ ગાંધી વોર્નિંગ' (Global Warming Gandhi Warning) વિષય પર સંવાદ થશે અને તેના સંપર્ક સૂત્ર આશિષ કોઠારી (૯૮૯૮૩૭૪૯૬૧) છે. ત્યારબાદ તે જ દિવસે બપોરે ૧:૩૦ થી ૨:૩૦ વાગ્યા સુધી મારવાડી યુનિવર્સિટી ઓડિટોરિયમ ખાતે 'નીર-નદી-નારી ઔર ગાંધી' વિષય પર સંવાદ યોજાશે, જેની વધુ માહિતી માટે ડો. અર્ચના શર્મા (૯૯૨૫૨૦૩૦૧૯) નો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

બીજા દિવસે, એટલે કે ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦ વાગ્યા સુધી આર. કે. યુનિવર્સિટીના સપ્તપર્ણી હોલ (SOE) ખાતે એન્જિનિયરિંગ અને ટેકનોલોજીના વિદ્યાર્થીઓ માટે 'ગ્લોબલ વોર્મિંગ એન્ડ ગાંધી વોર્નિંગ' વિષય પર કાર્યક્રમ યોજાશે, જેના માટે ડો. પ્રિયાંશુ (૯૪૨૬૮૦૩૧૦૮) નો સંપર્ક કરી શકાશે. ત્યારબાદ બપોરે ૨:૦૦ થી ૩:૩૦ વાગ્યા સુધી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે 'નીર-નદી-નારી ઔર ગાંધી' વિષય પર વિશેષ સંવાદ યોજાશે. પર્યાવરણ, જળ સંરક્ષણ અને ગાંધીજીના વિચારોને આજના સંદર્ભમાં સમજવા માટે આ 'ગાંધી સંવાદ' વિદ્યાર્થીઓ માટે એક સુવર્ણ તક બની રહેશે. આ સમગ્ર કાર્યક્રમની કોઈપણ અન્ય વિશેષ માહિતી મેળવવા માટે કેતનભાઈ (૯૯૨૪૦૩૫૨૩૭) અથવા ડો. અનામિક શાહ (૯૮૨૫૨૧૫૬૫૬) નો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

---

**-: જાહેર નોટીસ :-**

આથી લાગતા વળગતા તથા સબંધકર્તા દરેકને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ લોધીકાના ગામ ખીરસરા (રણમલજી)ના ગામ નમુના નંબર-૮/અ ના ખાતા નંબર- ૯૫ થી રેવન્યુ સર્વે-૩૫૪ ની જુની શરતની જીરાયત પ્રકાર ની ''ધારવાળી કટકી'' તરીકે ઓળખાતી ખેડવાણ જમીન હે.આરે.ચો.મી. ૦-૮૯-૦૩ બરાબર એકર ૨-૦૮ ગુંઠા શ્રી ભરત રામભાઈ ઓડેદરા તથા શ્રી માલદે રામભાઈ ઓડેદરા ની માલીકી અને કબ્જા ભોગવટાની આવેલ છે.

ઉપરોકત મિલકત મારા અસીલ ખરીદ કરવા નકકી કરેલ છે, સદરહુ મિલકતની માલીકી, કબજા ટાઇટલ કે વેચાણ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, બક્ષીસ, ગીરો, દર દાવો કે અન્ય કોઈપણ વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૭ (સાત)માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર આવશે નહી તો સદરહુ મિલકત સબંધે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ ભાગ, હકક, હિત કે હિસ્સો નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે તેમ સમજી મારા અસીલ દ્વારા સદરહુ મિલકત ખરીદ કરવામાં આવશે. ત્યારબાદ જો કોઈનો વાંધો તકરાર આવશે તો તે મારા અસીલોને શુધ્ધ બુધ્ધીના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી જેની આથી દરેક લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : રાજકોટ,
તારીખ :

વાંધા મોકલવાનું સરનામું

અન્નપૂર્ણાબા કે. ગોહિલ
એડવોકેટ,
૨૦૧, માઈલ સ્ટોન એપાર્ટમેન્ટ, કાલાવાડ રોડ, રાજકોટ
મો. ૯૫૭૪૧ ૨૫૧૭૨

અન્નપૂર્ણાબા કે ગોહિલ
એડવોકેટ

અમારી સંમતિથી

### ૧૮ કરોડની આવક બાદ રાજકોટ મહાનગરપાલિકાનો માસ્ટરપ્લાન

# ચોસઠ હજાર આસામીઓને બજવાશે નોટિસ

## જુદા જુદા સોર્સના ડેટા આધારે યાદી તૈયાર : તમામ ક્ષેત્રના પ્રોફેશનલ્સ અને મોટા વેપારીઓ રડારમાં

રાજકોટ, તા. ૨૩

મહાનગરપાલિકા દ્વારા પાણી અને મિલકતવેરામાં આપવામાં આવેલી રૂ. ૫,૦૦૦ સુધીની વ્યાજમાફી યોજના ચાલુ માસના અંતે પૂર્ણ થઈ રહી છે. આ યોજના પૂરી થતાંની સાથે જ તંત્રએ હવે બાકીદાર વ્યવસાયિકો સામે લાલઆંખ કરી છે. શહેરમાં પ્રોફેશનલ ટેક્સ ન ભરનારા અને નોંધણી ન કરાવનારા આશરે ૬૪,૦૦૦ કરદાતાઓને આગામી સપ્તાહથી નોટિસ ફટકારવાની કામગીરી ટેક્સ શાખા દ્વારા શરૂ કરવામાં આવશે. ચાલુ નાણાકીય વર્ષમાં મહાનગરપાલિકાને વ્યવસાયવેરા પેટે અત્યાર સુધીમાં આશરે રૂ. ૧૮ કરોડની આવક પ્રાપ્ત થઈ ચૂકી છે. જોકે, વાર્ષિક આવકનો લક્ષ્યાંક પૂર્ણ કરવા માટે હજુ મોટી રકમની વસૂલાત બાકી હોવાથી તંત્ર દ્વારા કડક વસૂલાત ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે.

પ્રોફેશનલ ટેક્સના દાયરામાં આવતા હોવા છતાં નોંધણી ન કરાવનારા કે જૂની બાકીદારી ધરાવનારાઓને શોધી કાઢવા માટે તંત્ર ગુમાસ્તા ધારાના લાયસન્સ, દુકાનો અને સંસ્થાઓની નોંધણી, મિલકતવેરાના રેકોર્ડ્સ તથા અન્ય સરકારી ડેટા જેવા વિવિધ સ્ત્રોતનો ઉપયોગ કરી રહ્યું છે. આ વિગતોની પ્રાથમિક ચકાસણી બાદ ૬૪ હજાર જેટલી વ્યક્તિઓ અને પેઢીઓને નોટિસ મોકલવાની તૈયારી પૂર્ણ થઈ ગઈ છે. આ કાર્યવાહી માત્ર નાના વેપારીઓ પૂરતી મર્યાદિત નહીં રહે, પરંતુ શહેરમાં સ્વતંત્ર વ્યવસાય કરતા તમામ હાઈ-પ્રોફાઈલ ક્ષેત્રો જેવા કે ડોક્ટર્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, વકીલો, આર્કિટેક્ટ્સ,



એન્જિનિયર્સ, બિલ્ડર્સ, કન્સલ્ટન્ટ્સ, શોરૂમ માલિકો, હોલસેલર્સ, ડિસ્ટ્રિબ્યુટર્સ, ખાનગી કંપનીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, હોટલ-રેસ્ટોરન્ટ્સ, કોચિંગ ક્લાસ, જીમ અને ટ્રાવેલ્સ સંચાલકોને પણ આવરી લેવામાં આવશે.

નોટિસ મળ્યા બાદ સંબંધિત પેઢી કે વ્યવસાયિકે વ્યવસાય શરૂ કર્યાની તારીખ, કર્મચારીઓની સંખ્યા, નોંધણીના પુરાવા અને અગાઉ ભરેલા ટેક્સની પહોંચ રજૂ કરવાની રહેશે. જો ભૂલથી નામ આવ્યું હોય અને વેરો ભરાઈ ગયો હોય, તો આધાર-પુરાવા રજૂ કરીને સ્પષ્ટતા કરવાની તક પણ આપવામાં આવશે. પરંતુ વ્યાજબી કારણ વગર નોંધણી ન કરાવનાર કે સમયસર વેરો ન ભરનાર પાસેથી મૂળ બાકી રકમ ઉપરાંત વ્યાજ અને દંડ સહિતની કડક વસૂલાત કરવામાં આવશે. આ ઉપરાંત, નોટિસનો જવાબ ન આપનારા આસામીઓ સામે તંત્ર દ્વારા સ્થળ તપાસ હાથ ધરવામાં આવશે. મનપાની સ્પેશિયલ ટીમો સ્થળ પર જઈને પેઢી કાર્યરત છે કે નહીં, કેટલા કર્મચારીઓ ફરજ બજાવે છે અને વ્યવસાયવેરા કાયદાનું પાલન થાય છે કે નહીં તેની રૂબરૂ ચકાસણી કરશે. મોટા કમર્શિયલ એકમો માટે નવી નોંધણીનો ચોક્કસ ટાર્ગેટ પણ નક્કી કરવામાં આવ્યો છે. શહેરમાં વેપાર-ધંધાનો વ્યાપ વધવાની સાથે કરદાતાઓનો દાયરો વધારવા તંત્ર કટિબદ્ધ છે, ત્યારે મનપાના ટેક્સ વિભાગ દ્વારા તમામ વ્યવસાયિકોને અપીલ કરવામાં આવી છે કે નોટિસ કે સીલિંગ જેવી દંડાત્મક કાર્યવાહીની રાહ જોયા વગર સ્વેચ્છાએ પોતાની નોંધણી કરાવી બાકી વેરો તુરંત જમા કરાવી દેવો.

### પાંચ દિવસના વર્કિંગ વીક સહિતની માંગ સાથે ૭ યુનિયનો અડગ

# બેંકિંગ ક્ષેત્રે 'મહાહડતાળ'નું સંકટ

## શનિવારથી સળંગ ૫ દિવસ બેંકોને તાળાં લાગશે, એટીએમ પણ ખાલી થવાની ભીતિ

રાજકોટ, તા. ૨૩

સપ્તાહમાં પાંચ દિવસ કામકાજ (ફાઈવ ડે વીક) સહિતની પડતર માંગણીઓના સમર્થનમાં બેંક કર્મચારીઓ અને અધિકારીઓના સાત જેટલા યુનિયનોએ આરપારની લડાઈનું બ્યુગલ ફૂંકીને આગામી ૨૮ થી ૩૦ સપ્ટેમ્બર સુધી રાષ્ટ્રવ્યાપી ત્રણ દિવસની હડતાળનું એલાન આપ્યું છે. આ હડતાળના દિવસો પૂર્વે જ ૨૬ અને ૨૭ સપ્ટેમ્બરે શનિ-રવિની અઠવાડિક રજાઓ આવતી હોવાથી દેશભરમાં સળંગ પાંચ દિવસ સુધી બેંકોને તાળાં લાગી જાય તેવી સ્થિતિ સર્જાઈ છે. હડતાળ રોકવા માટે ગઈકાલે સરકાર દ્વારા યુનિયનના પ્રતિનિધિઓ સાથે ઉચ્ચસ્તરીય વાટાઘાટો યોજવામાં આવી હતી અને હડતાળ પાછી ખેંચવા અનુરોધ કરાયો હતો, પરંતુ યુનિયનો પોતાની માંગ પર અડગ રહેતા આ બેઠક સંપૂર્ણપણે નિષ્ફળ રહી હતી. પરિણામે યુનિયનોએ પોતાના એલાનમાં કોઈ ફેરફાર કરવાનો ઇનકાર કરી દીધો છે.




સળંગ પાંચ દિવસ સુધી બેંકિંગ વ્યવહારો ઠપ્પ રહેવાની ભીતિ વચ્ચે ગ્રાહકોમાં ફફડાટ વ્યાપી ગયો છે અને તેની સીધી અસર બેંકોના રોકડ વ્યવહારો પર જોવા મળી રહી છે. ડીજીટલ યુગમાં પણ રોકડ વ્યવહારનો ટ્રેન્ડ અકબંધ હોવાથી, લોકો આગોતરી વ્યવસ્થાના ભાગરૂપે અત્યારથી જ બેંકોમાં કેશ ટ્રાન્ઝેક્શન માટે દોડી રહ્યા છે. આગામી બે દિવસમાં રોકડ ઉપાડનું પ્રમાણ હજુ વધવાની શક્યતાને ધ્યાને રાખીને સ્ટેટ બેન્ક સહિતની તમામ બેંકોએ શાખાઓમાં પર્યાપ્ત રોકડની જોગવાઈ કરી છે, તેમજ ગ્રાહકોને પોતાના જરૂરી નાણાકીય કામકાજ અગાઉથી જ પૂરા કરી લેવા માટે વિશેષ એડવાઈઝરી પણ જારી કરી છે.

બેંકિંગ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ હડતાળના કારણે ખાસ કરીને ચેક ક્લિયરિંગ, છઝ્રત્નજ અને શાખા આધારિત રોકડ વ્યવહારોને ભારે ફટકો પડશે. હાલમાં 'સેમ ડે' ચેક ક્લિયરિંગ થતું હોવા છતાં, જો ગ્રાહકો સમયસર ચેક જમા નહીં કરાવી શકે તો તેમણે સીધો પાંચ દિવસ પછી નાણાં માટે વારો આવવાની રાહ જોવી પડશે. મહિનાના અંતિમ દિવસોમાં જ આ હડતાળ આવી પડી હોવાથી, ઓનલાઈન ગ્રાહકો સિવાય સામાન્ય વેપારીઓ, પગારદારો અને પેન્શનરોને વ્યાપક અસર થઈ શકે છે. હડતાળ પૂર્ણ થતાં જ નવો મહિનો શરૂ થઈ જશે, જેના કારણે બેંકો પુનઃ ખુલતાની સાથે જ કામકાજનો મોટો બોજ વધશે અને ગ્રાહકોની ભારે ભીડ ઉમટી પડશે.

# ઉદ્યોગકારોની સત્તાધીશો સમક્ષ જોરદાર રજૂઆત

## MSME નીતિના ઠરાવથી લઈ GST અને સોલાર ક્ષેત્રના પડકારો ઉકેલવા ધા

રાજકોટ, તા. ૨૩

રાજકોટના ઔદ્યોગિક વિકાસને વધુ વેગ આપવા અને સ્થાનિક ઉદ્યોગકારોને નડી રહેલી વ્યવહારિક મુશ્કેલીઓના નિવારણ અર્થે એક ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળે રાજ્યના પાટનગર ગાંધીનગર ખાતે ધામા નાખ્યા હતા. રાજકોટ દક્ષિણના ધારાસભ્ય રમેશભાઈ ટિલાળાના નેતૃત્વ હેઠળ વિવિધ ઔદ્યોગિક સંસ્થાઓના આગેવાનોએ રાજ્ય સરકારના મંત્રીઓ અને ઉચ્ચ અમલદારો સાથે બેઠક યોજીને ઉદ્યોગોના હિતમાં ધારદાર રજૂઆતો કરી હતી. પ્રતિનિધિમંડળે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી નવી ઔદ્યોગિક નીતિ અને ક્ષેત્રિય માર્ગદર્શન બદલ ડેપ્યુટી ચીફ મિનિસ્ટર



હર્ષભાઈ સંઘવીનો વિશેષ આભાર માન્યો હતો. આ સાથે જ રાજકોટના અર્થતંત્રની કરોડરજ્જુ સમાન નાના અને મધ્યમ ઉદ્યોગો (MSME)ને નીતિનો સીધો લાભ ઝડપથી મળે તે માટે નવી ઔદ્યોગિક નીતિ અંતર્ગત MSME સંબંધિત સરકારી ઠરાવ (G.R.) વિલંબ વગર ત્વરિત જાહેર કરવા આગ્રહભરી રજૂઆત કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન રાજકોટ ક્ષેત્ર માટે જાહેર કરાયેલી નવી GIDCમાં જમીન ફાળવણી અને માળખાકીય વિકાસની કામગીરી ઝડપથી આટોપવા માંગ કરવામાં આવી હતી. આ ઉપરાંત, ઉદ્યોગકારોને ગ્રીન એનર્જી અને સોલાર પાવરના વપરાશમાં પડી રહેલી વ્યવહારિક અડચણો તેમજ તેના કારણે થતા આર્થિક નુકસાન અંગે ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કૌશિકભાઈ વેકરિયા સમક્ષ વિસ્તૃત વિગતો મૂકીને યોગ્ય ઉકેલ લાવવા અપીલ કરાઈ હતી. રાજકોટના વિશ્વવિખ્યાત સબમર્સિબલ પંપ ઉદ્યોગને વૈશ્વિક અને સ્થાનિક સ્તરે હરીફાઈમાં ટકી રહેવા તથા રાહત આપવા માટે તેના પરના GST દરમાં ઘટાડો કરવાની માંગણી નાણામંત્રીના કાર્યાલય સમક્ષ રજૂ કરવામાં આવી હતી. આ મુદ્દાને આગામી GST કાઉન્સિલની બેઠકમાં કેન્દ્ર સરકાર સમક્ષ પ્રાથમિકતાથી મૂકવા વિનંતી કરવામાં આવી હતી. આ મહત્વપૂર્ણ રજૂઆત વેળાએ રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશન, ઇન્વેસ્ટમેન્ટ કાસ્ટિંગ એસોસિએશન તેમજ મેટોડા અને આજી GIDC એસોસિએશનના હોદ્દેદારો અને પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીઓ દ્વારા તમામ મુદ્દાઓ પર સકારાત્મક વલણ દાખવી ઝડપી ઉકેલની ખાતરી આપવામાં આવી હતી.

# કસ્તુરબા રોડ પર બોક્સ કલવર્ટના નિર્માણને પગલે રસ્તો બંધ

## વાહનચાલકો માટે વૈકલ્પિક માર્ગ જાહેર : આવતા સપ્તાહથી કામ શરૂ



રાજકોટ, તા. ૨૩

રાજકોટ શહેરમાં આંતરમાળખાકીય સુવિધાઓના સુધારણા અને ચોમાસામાં પાણીના ભરાવથી મુક્તિ અપાવવાના ભાગરૂપે વોર્ડ નં. ૦૨ માં આવેલા કસ્તુરબા રોડ પર પ્રભુ કૃપા હોસ્પિટલ પાસે એક નવા બોક્સ કલવર્ટ (નાળા) બનાવવાની મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ વિકાસકાર્ય દરમિયાન આસપાસના વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યા સર્જાય નહીં અને નિર્માણ કાર્ય ઝડપથી પૂર્ણ કરી શકાય તે માટે શહેરના પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા એક સત્તાવાર જાહેરનામું બહાર પાડીને રસ્તો બંધ રાખવા તેમજ વૈકલ્પિક માર્ગો જાહેર કરવામાં આવ્યા છે.

જાહેરનામા મુજબ, બોક્સ કલવર્ટનું નિર્માણ પૂર્ણ ન થાય ત્યાં સુધી ચૌધરી હાઇસ્કૂલ ચોક (કસ્તુરબા રોડ) થી ભાવેશ મેડિકલ (અરવિંદભાઇ મણિયાર હોલ) થઈને જિવાપર રોડ સુધીનો બંને તરફનો માર્ગ તમામ પ્રકારના વાહનો માટે સંપૂર્ણપણે બંધ રાખવામાં આવશે. આ સમયગાળા દરમિયાન આ માર્ગ પરથી કોઈ પણ વાહન પસાર થઈ શકશે નહીં.

વાહનચાલકોની સુવિધા માટે પોલીસ તંત્ર દ્વારા વૈકલ્પિક રસ્તાઓની વ્યવસ્થા કરવામાં આવી છે. પારેવડી ચોક તરફથી આવતા વાહનો હોસ્પિટલ ચોક ઓવરબ્રિજ ઉપરથી જામટાવર ચોક, જામટાવર રોડ થઈ ધરમ સિનેમા (આર વર્લ્ડ) થી કસ્તુરબા રોડ તરફ જઈ શકશે અથવા હોસ્પિટલ ચોક ઓવરબ્રિજ નીચે થઈને સિવિલ હોસ્પિટલના મુખ્ય ગેટથી ચૌધરી હાઇસ્કૂલ ચોક તરફ જઈ શકશે. સિવિલ હોસ્પિટલ ચોક ઓવરબ્રિજ પરથી આવતા વાહનો ભાવેશ મેડિકલ (અરવિંદભાઇ મણિયાર હોલ) થી જ્યુબિલી ચોક, એસ.બી.આઈ. બેંક થઈ લીમડા ચોક કે અન્ય રોડ તરફ અથવા હોસ્પિટલ ચોક બ્રિજ નીચેથી સિવિલ હોસ્પિટલ મેઈન ગેટ થઈને ચૌધરી હાઇસ્કૂલ ચોક થઈ શકશે. આ ઉપરાંત, બહુમાળી ભવન ચોક તરફથી પારેવડી ચોક કે ભાવેશ મેડિકલ તરફ જવા માંગતા વાહનો ધરમ સિનેમાથી જામટાવર રોડ અને જામટાવર ઓવરબ્રિજ પરથી જઈ શકશે, તેમજ ચૌધરી હાઇસ્કૂલ ચોકથી હોસ્પિટલ ચોક કે કોર્ટ તરફથી પારેવડી ચોક તરફ જઈ શકાશે.

પોલીસ કમિશનરના આ જાહેરનામાનો ભંગ કરનાર વાહનચાલકો સામે મોટર વાહન અધિનિયમ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ હરીહર ચોકના વોકળા પર બોક્સ કલવર્ટનું કામ પૂરું કરી રસ્તો ખુલ્લો મુકાયો હતો. હવે તે જ વોકળો આગળ જતાં પ્રભુકૃપા હોસ્પિટલ પાસેથી નીકળતો હોવાથી, ત્યાં પણ ચોમાસા દરમિયાન પાણીના સુચારુ નિકાલ માટે આ કલવર્ટ બનાવવું અત્યંત જરૂરી બન્યું છે.

### ગુજરાતની જીવાદોરી સમાન ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ

# એસ.ટી.ના ખાનગીકરણ સામે જનાક્રોશ

## ભારતીય મઝદૂર સંઘે સરકાર સામે છેડ્યું આરપારનું યુદ્ધ : ખાનગીકરણ પાછળ કરોડો રૂપિયાની કમિશનબાજીનો ખેલ ચાલી રહ્યો હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યા



રાજકોટ, તા. ૨૩

ગુજરાતની જીવાદોરી સમાન ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (ૠજીઇ્ઝ)ના ખાનગીકરણ અને કોન્ટ્રાક્ટ પ્રથાના વિરોધમાં ભારતીય મઝદુર સંઘે સરકાર સામે આકરા સવાલો સાથે લડતનો ધોકો પછાડચો છે. સંઘે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે સાડા છ કરોડ મુસાફર જનતા અને ૪૨,૦૦૦ કર્મચારી પરિવારોના ભવિષ્ય સાથે થઈ રહેલી આ રમતને ચલાવી લેવામાં નહીં આવે. એસ.ટી. એ માત્ર એક નિગમ નથી પરંતુ લોકસેવાનું માધ્યમ છે, પરંતુ વર્તમાન સરકાર ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર અને એસ.ટી.ના ઉચ્ચ અધિકારીઓની મિલીભગતથી યુનિયનોને ધાક-ધમકી આપીને ખાનગી કંપનીઓના ખિસ્સા ભરવાનો ખેલ રચી રહી છે.

આ ખાનગીકરણના કારણે રાજ્યની સાધારણ જનતાના ખિસ્સા પર મોટો પ્રહાર થશે. આજે જે રૂટ પર સામાન્ય માણસ માત્ર ૨૦ રૂપિયામાં પ્રવાસ કરે છે, કાલે ખાનગી એજન્સીઓના હાથમાં સત્તા જતાં ભાડાં બેફામ વધી જશે. વાર-તહેવાર અને લગ્નસરાની સિઝનમાં ખાનગી ઓપરેટરો ભાડાં બમણાં કરીને પ્રજાને ખુલ્લેઆમ લૂંટશે. આ ઉપરાંત, ખાનગી માલિકો માત્ર નફા વાળા અને સારા પાકા રોડ પર જ ગાડીઓ ચલાવશે, જેના કારણે અંતરિયાળ ગામડાંઓના રૂટ સંપૂર્ણપણે બંધ થઈ જશે. નફો ન આપતા છેવાડાના વિસ્તારો એસ.ટી. સેવાથી વંચિત રહી જશે, ત્યારે ગામડાના ગરીબ વિદ્યાર્થીઓ અને ખેડૂટો ક્યાં જશે તે મોટો પ્રશ્ન છે. ખાનગી ઓપરેટરો પાસે એસ.ટી.ના અનુભવી ડ્રાઇવરો જેવી સમયસૂચકતા કે સુરક્ષાના ધોરણો નહીં હોય. ખાનગી જીપો અને લક્ઝરીઓની જેમ જ જ્યાં સુધી મુસાફરો નહીં મળે ત્યાં સુધી ગાડીઓ નહીં ઉપડે, જેનાથી કોઈ સમયપત્રક જળવાશે નહીં અને અકસ્માતનું જોખમ વધશે. રસ્તામાં બ્રેકડાઉન થાય તો અન્ય કોઈ સુવિધા નહીં મળે અને અકસ્માતના કિસ્સામાં કોઈ વળતર પણ ચૂકવવામાં નહીં આવે.

બીજી તરફ, આ ખાનગીકરણ પાછળ કરોડો રૂપિયાની કમિશનબાજીનો ખેલ ચાલી રહ્યો હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. ખાનગી એજન્સીને વચ્ચે લાવીને પ્રતિ કર્મચારી દર મહિને ૩,૦૦૦ થી ૪,૦૦૦ રૂપિયાનું કમિશન ખાનગી કંપનીઓના ખિસ્સામાં સરકાવવાનું ગણિત ગોઠવાયું છે. ૨૦,૦૦૦ કર્મચારીઓના હિસાબે દર મહિને સીધા ૧૦ કરોડ રૂપિયા જેટલી મોટી રકમ પ્રજાના પરસેવાની કમાણીમાંથી ખાનગી એજન્સીઓને ધરી દેવાશે.

આ પરિસ્થિતિમાં એસ.ટી. કર્મચારીઓનું ભવિષ્ય પણ અંધકારમય બની ગયું છે. તેથી જ ભારતીય મઝદુર સંઘે સરકાર પાસે સ્પષ્ટ માગણી કરી છે કે કોન્ટ્રાક્ટ પ્રથા અને આઉટસોર્સિંગ રદ કરીને કાયમી ભરતી ચાલુ કરવામાં આવે. વર્ષોથી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા બદલી કામદારો, ફિક્સ પગારદાર અને પાર્ટ-ટાઈમ કામદારોને પહેલા ન્યાય આપીને કાયમી કરવામાં આવે. એસ.ટી. એ જનસેવા છે, નફો-નુકસાન રળવાનો કોઈ ધંધો નથી. જો સરકાર આ તઘલખી નિર્ણયો અને ખાનગીકરણની પ્રક્રિયા તાત્કાલિક નહીં અટકાવે, તો સમગ્ર ગુજરાતની પ્રજા અને એસ.ટી. કર્મચારીઓ આવનારી ચૂંટણીમાં મતદાન રૂપી જવાબ આપીને સરકારને ઘરનો રસ્તો બતાવશે.

# દવા ઉદ્યોગને બાટલાં ચઢાવો

## શંકાસ્પદ રિટેઈલ કિંમતો અને ગ્રાહકની અજ્ઞાનતાનો ગેરલાભ



આજના યુગમાં આરોગ્ય સંભાળ એ માનવજીવનની પ્રાથમિક જરૂરિયાત બની ગઈ છે. ગંભીર બીમારી સમયે દર્દી અને તેના પરિજનો લાચાર બની જાય છે. આવી સ્થિતિનો ગેરલાભ ઉઠાવીને ફાર્માસ્યુટિકલ કંપનીઓ અતિશય મોંઘી દવાઓ વેચીને મસમોટો નફો રળે છે. આ સમગ્ર બાબત સામાન્ય ગ્રાહકોની અજ્ઞાનતા અને લાચારીનું શોષણ દર્શાવે છે.

આ અંગે સુપ્રિમ કોર્ટે પણ ફાર્માસ્યુટિકલ કંપનીઓની આવી ઉઘાડી લૂંટ સામે ભારે નારાજગી અને કડક વલણ વ્યક્ત કર્યું છે. લોકો પોતાના સ્વજનોની સારવાર માટે ઘર-ઘરેણાં અને સંપત્તિ વેચવા મજબૂર બને છે. તેમ છતાં તેમની સાથે આટલી મોટી છેતરપિંડી કેમ આચરવામાં આવે છે, તેવો અણીયારો સવાલ અદાલતે ઉઠાવ્યો છે. જે ઈન્જેક્શન કે દવાની ઉત્પાદન કિંમત માત્ર ₹૨૭૦૦ હોય, તેને કંપનીઓ ₹૭૦૦૦થી ₹૭૫૦૦ જેવા અધધ ભાવે વેચે છે. આટલી મોટી અસમાનતા અને કિંમતોમાં અતિશય ભિન્નતા હોવા છતાં સરકારનું મૌન રહેવું ખૂબ જ આશ્ચર્યજનક અને આઘાતજનક બાબત છે.

દવા ઉદ્યોગમાં શંકાસ્પદ કિંમતોનું આ માળખું ગ્રાહકોને સીધી રીતે આર્થિક રીતે પાયમાલ કરે છે. સામાન્ય નાગરિકોને દવાની મૂળ બનાવટ, જેનરિક વિકલ્પો અને વાસ્તવિક પડતર કિંમત વિશે બિલકુલ જાણકારી હોતી નથી. આ અજ્ઞાનતાનો લાભ લઈને ફાર્મા કંપનીઓ પોતાની મનસ્વી કિંમતો વસૂલે છે. વળી, તબીબો પણ ઘણીવાર બ્રાન્ડેડ અને મોંઘી દવાઓ લખી આપે છે, જેથી ગ્રાહક પાસે બીજો કોઈ વિકલ્પ બચતો નથી.દેશમાં આરોગ્ય ક્ષેત્રે પારદર્શિતા લાવવી અત્યંત જરૂરી બની ગઈ છે.

જીવનરક્ષક દવાઓની કિંમતો પર સરકારનું કડક નિયંત્રણ હોવું જોઈએ. જેનરિક દવાનો વપરાશ વધારવા માટે જાગૃતિ ઝુંબેશ ચલાવવી જોઈએ. સુપ્રિમ કોર્ટની આ કડક ટિપ્પણી બાદ સરકારે ત્વરિત અને યોગ્ય પગલાં ભરીને ફાર્મા ક્ષેત્રમાં ચાલતી આવી લૂંટફાટ બંધ કરાવવી જોઈએ. જ્યારે દવાઓની કિંમતો વ્યાજબી થશે, ત્યારે જ સામાન્ય માણસને સાચા અર્થમાં રાહત મળશે. સમગ્ર દવા ઉદ્યોગને સરકારે નિષ્ઠાના બાટલા ચઢાવવા જરૂરી છે. આરોગ્ય ક્ષેત્ર પારદર્શી બનવું જરૂરી છે.

# ECને જ્ઞાનેશ કુમારે હાઈજેક કર્યું

## કોંગ્રેસ નેતા અભિષેક મનુ સિંઘવીએ દિલ્હી- હરિયાણાનો ચુકાદો રદ કરવા માંગ કરી

નવીદિલ્હી, તા. ૨૩

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સભ્ય અભિષેક મનુ સિંઘવીએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર ચૂંટણી પંચને હાઈજેક કરવાનો આરોપ લગાવ્યો અને દિલ્હી અને હરિયાણામાં વિધાનસભા ચૂંટણી રદ કરવાની માંગ કરી. સિંઘવીએ કહ્યું કે સીઈસીએ દેશને ગેરમાર્ગે દોર્યો છે... આજે ચૂંટણી પંચ જેવી બંધારણીય સંસ્થા પણ સ્વતંત્ર નથી... નિર્ણયો બહુમતીથી લેવામાં આવે છે... પરંતુ સીઈસીએ પોતાના સાથીદારોને ગેરમાર્ગે દોર્યા છે. કોંગ્રેસના નેતા અભિષેક મનુ સિંઘવીએ આરોપ લગાવ્યો કે ચૂંટણી પંચ પાસે પણ આંતરિક બુલડોઝર છે... જ્ઞાનેશ કુમારે દેશને ગેરમાર્ગે દોર્યો જ નહીં પરંતુ પોતાના સાથીદારોને ગેરમાર્ગે દોરીને ચૂંટણી પંચને પણ હાઈજેક કર્યું... સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે ચૂંટણી પંચ બહુમતી સંસ્થા છે... આવી સ્થિતિમાં, પ્રશ્ન એ છે કે શું ચૂંટણી પંચ ડમી છે અને એક વ્યક્તિ ચૂંટણી પંચ ચલાવી રહ્યો છે... સીઈસીએ ફોર્મ ૬ બદલીને નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. દરમિયાન, કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું કે રાહુલ ગાંધી સતત આ મુદ્દો ઉઠાવી રહ્યા છે, અને ચૂંટણી કમિશનરોએ પોતે જ્ઞાનેશ કુમાર પર પ્રશ્નો ઉભા કર્યા છે. લોકશાહી ક્યાં છે? આ મામલાની તપાસ થવી જોઈએ... આપણે આને હળવાશથી ન લેવી જોઈએ. દરમિયાન, રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે મત ચોરી એ ભારતીય લોકો સામે ગુનો છે અને આપણા બંધારણ પર સીધો હુમલો છે... ભાજપ, આરએસએસ અને આનું આયોજન કરનાર ચૂંટણી પંચે રાજદ્રોહનું કૃત્ય કર્યું છે... ન્યાય મળશે.



ખરેખર, ચૂંટણી પંચ પર ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ પછી રાજકીય તોફાન વધુ તીવ્ર બન્યું. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે ચૂંટણી પંચના બે સભ્યોએ મતદાર યાદીમાં કરવામાં આવેલા ફેરફારો અને નવા મતદારો માટે ઉપયોગમાં લેવાતા ફોર્મ ૬ સહિત અનેક નિર્ણયો સામે વાંધો ઉઠાવ્યો હતો. અહેવાલ મુજબ, ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીએ તેમના વાંધા નોંધાવ્યા હતા, જેમાં કેટલાક પગલાંને અનધિકૃત અને ગેરકાયદેસર ગણાવ્યા હતા. કોંગ્રેસે આ અહેવાલ અંગે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને ચૂંટણી પંચ પર હુમલો કર્યો છે.

ફોર્મ ૬ માં એક નવો વિભાગ ઉમેરવામાં આવ્યો હતો, જેમાં નવા મતદારોને છેલ્લા SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) દરમિયાન મતદાર યાદીમાં તેમના અથવા તેમના માતાપિતા/દાદા-દાદીના સમાવેશ અંગે માહિતી પ્રદાન કરવા કહેવામાં આવ્યું હતું. રિપોર્ટ અનુસાર, આ ફેરફાર ૧૯૬૦ના મતદારોના નોંધણી નિયમોમાં સુધારો કર્યા વિના કરવામાં આવ્યો હતો. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ચૂંટણી કમિશનર વિવેક જોશીએ મે મહિનામાં વાંધો ઉઠાવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે ફોર્મ ૬ એક વૈધાનિક સ્વરૂપ છે અને તેમાં ફેરફાર કરવા માટે સંબંધિત નિયમોમાં સુધારાની જરૂર પડશે. ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુ પાછળથી આ વાંધો સાથે સંમત થયા હતા. રિપોર્ટ અનુસાર, બંને ચૂંટણી કમિશનરોએ છેલ્લા ૧૦ મહિનામાં ઓછામાં ઓછા ૧૪ વખત ચૂંટણી પંચની કેટલીક કાર્યવાહી સામે વાંધો ઉઠાવ્યો છે. રિપોર્ટમાં મતદારોના ઉમેરા, કાઢી નાખવા અને ચૂંટણી ડેટા સંબંધિત ઈંઝ સિસ્ટમ્સના કેન્દ્રીકરણ અંગે પણ પ્રશ્નો ઉભા કરવામાં આવ્યા છે.

### આરોપીઓ વિરુદ્ધ જૂનમાં નોંધાઈ'તી એફઆઈઆર

# રામ મંદિર દાન ચોરી કેસમાં ચાર્જશીટ દાખલ



નવીદિલ્હી, તા. ૨૩

પોલીસે બુધવારે સવારે અયોધ્યા રામ મંદિરના પ્રસાદ ચોરી કેસમાં આઠ આરોપીઓ સામે કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. ચાર્જશીટ દાખલ થવાથી આરોપીઓને જામીન મળવાની શક્યતા દૂર થઈ ગઈ છે. પ્રસાદ ચોરી કેસમાં છેલ્લા ત્રણ મહિનાથી જેલમાં રહેલા અન્ય ત્રણ આરોપીઓને મુક્ત કરવામાં આવ્યા છે. વિશેષ કોર્ટે અનુકલ્પ મિશ્રા, કરુણેશ પાંડે અને લવકુશ મિશ્રાની જામીન અરજી ફગાવી દીધી હતી. સોમવારે, કોર્ટે અવિનાશ શુક્લા, રામશંકર મિશ્રા અને મનીષ યાદવની જામીન અરજી પણ ફગાવી દીધી હતી. આ પછી, બાકીના બે આરોપીઓ, રામશંકર યાદવ ઉર્ફે તિનુ અને સુભાષચંદ્ર શ્રીવાસ્તવની જામીન અરજીઓ પર આજે તે જ કોર્ટમાં સુનાવણી થવાની છે. રામ મંદિરના પ્રસાદ ચોરીનો કેસ તાજેતરમાં સમાચારમાં રહ્યો છે. આરોપીઓએ બેંક કર્મચારીઓ અને કેટલાક મંદિરના કર્મચારીઓ સાથે મળીને ભીડનો લાભ લઈને દાનપેટીઓમાંથી પૈસા ચોરી કર્યા હતા. જૂનમાં, ઉત્તર પ્રદેશ સરકારે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની વિનંતી પર એક વિશેષ તપાસ ટીમ (SIT) ની રચના કરી હતી. ત્યારબાદ, આઠ નામાંકિત આરોપીઓ સામે FIR દાખલ કરવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટને આપેલા સ્ટેટસ રિપોર્ટમાં, SIT એ જણાવ્યું હતું કે ગણતરી ખંડમાંથી CCTV ફૂટેજમાં ચોરીના ૧૦૫ કિસ્સાઓ બહાર આવ્યા છે, જ્યાં રોકડ રકમ પરવાનગી વિના કાઢી નાખવામાં આવી હતી અથવા છુપાવવામાં આવી હતી. શરૂઆતમાં, ફક્ત ૭૦ ઘટનાઓ શંકાસ્પદ હતી. ફૂટેજમાં આરોપીઓએ તેમના ખિસ્સા અને જૂતામાં નોટોના બંડલ છુપાવ્યા હતા. તપાસ એજન્સીઓએ અત્યાર સુધીમાં આરોપીઓ પાસેથી આશરે ૭૯.૮૫ લાખ રૂપિયા રોકડા મેળવ્યા છે, જેમણે આ પૈસા તેમના ઘરો, શૌચાલય અને ઘાસના ઢગલાઓમાં છુપાવ્યા હતા. કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, અયોધ્યાની ખાસ કોર્ટે મુખ્ય આરોપીઓ, અવિનાશ શુક્લા, મનીષ યાદવ, રામાશંકર મિશ્રા, અનુકલ્પ મિશ્રા, કરુણેશ પાંડે અને લવકુશ મિશ્રાની જામીન અરજીઓ ફગાવી દીધી હતી. આરોપીઓમાં મુખ્યત્વે રોકડ ગણતરી માટે તૈનાત બેંક કર્મચારીઓ, સુપરવાઇઝર સુભાષ શ્રીવાસ્તવ અને ટ્રસ્ટના મહાસચિવના ભૂતપૂર્વ ડ્રાઈવર રામશંકર ઉર્ફે તિનુ યાદવનો સમાવેશ થાય છે. અયોધ્યા રામ મંદિર પ્રસાદ ચોરી કેસમાં, પોલીસે બુધવારે સવારે કોર્ટમાં તમામ ૮ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી હતી.

# અવકાશ-એઆઈથી પશ્ચિમ એશિયા સુધી

## ભારત-ફ્રાન્સ અને યુએઈ વચ્ચે કયા મુદ્દાઓ પર ચર્ચા થઈ?

નવીદિલ્હી, તા. ૨૩

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૮૧મા સત્ર દરમિયાન, ભારત, ફ્રાન્સ અને સંયુક્ત આરબ અમીરાત વચ્ચે ત્રિપક્ષીય સહયોગને આગળ વધારવા માટે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. મંગળવાર, ૨૨ સપ્ટેમ્બરના રોજ ન્યૂયોર્કમાં યોજાયેલી ભારત-ફ્રાન્સ-યુએઈ ત્રિપક્ષીય મંત્રીસ્તરીય બેઠકમાં, ત્રણેય દેશોએ હાલના સહયોગની સમીક્ષા કરી અને ભાગીદારીને નવા ક્ષેત્રોમાં વિસ્તારવા અંગે ચર્ચા કરી. ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે કર્યું હતું. ફ્રાન્સનું પ્રતિનિધિત્વ યુરોપ અને વિદેશ મંત્રી જીન-નોએલ બારોએ કર્યું હતું અને યુએઈનું પ્રતિનિધિત્વ વિદેશ મંત્રી અને નાયબ વડાપ્રધાન શેખ અબ્દુલ્લા બિન ઝાયેદ અલ નાહ્યાનએ કર્યું હતું.

બેઠક દરમિયાન, ત્રણેય વિદેશ મંત્રીઓએ ત્રિપક્ષીય સહયોગમાં અત્યાર સુધી થયેલી પ્રગતિની સમીક્ષા કરી હતી. ચર્ચામાં અવકાશ, કૃત્રિમ બુદ્ધિમત્તા અને સંસ્કૃતિ અને વારસો જેવા ક્ષેત્રો મુખ્ય હતા. આ ક્ષેત્રોમાં હાલના સહયોગને વધુ મજબૂત બનાવવા અને નક્કર પહેલ દ્વારા નવા પ્રોજેક્ટ્સને આગળ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. બેઠકમાં પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. ત્રણેય દેશોના વિદેશ મંત્રીઓએ પ્રાદેશિક



વિકાસની ચર્ચા કરી હતી અને પરસ્પર સહયોગને વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ભારત, ફ્રાન્સ અને યુએઈ વચ્ચેનું આ ત્રિપક્ષીય ફોર્મેટ પશ્ચિમ એશિયા, યુરોપ અને ઈન્ડો-પેસિફિક સંબંધિત વ્યાપક વ્યૂહાત્મક હિતોના સંદર્ભમાં પણ મહત્વપૂર્ણ છે.

ત્રણેય દેશોએ પરસ્પર હિતના ક્ષેત્રોમાં ત્રિપક્ષીય સહયોગને વધુ મજબૂત અને વિસ્તૃત કરવા માટે તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. એવું પણ નક્કી કરવામાં આવ્યું હતું કે ત્રણેય દેશો વિવિધ ક્ષેત્રોમાં પ્રગતિની સમીક્ષા કરવા માટે નિયમિતપણે મળશે. તેઓ નક્કર પહેલ દ્વારા રચનાત્મક સંબંધોને આગળ વધારવા માટે પણ સંમત થયા હતા. ભારત-ફ્રાન્સ-યુએઈ ત્રિપક્ષીય માળખું ટેકનોલોજી, અવકાશ અને એઆઈ જેવા નવા ક્ષેત્રોમાં વ્યૂહાત્મક સહયોગને વિસ્તૃત કરી રહ્યું છે. ન્યૂયોર્ક બેઠકમાં આ ક્ષેત્રોની સમીક્ષા કરવા અને નિયમિત સંવાદ સ્થાપિત કરવા માટેનો કરાર આ ત્રિપક્ષીય ભાગીદારીને સંસ્થાકીય બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. ભારત, ફ્રાન્સ અને યુએઈએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ત્રિપક્ષીય બેઠક યોજી હતી. અવકાશ, કૃત્રિમ બુદ્ધિ અને સંસ્કૃતિ જેવા ક્ષેત્રોમાં હાલના સહયોગની સમીક્ષા કરવામાં આવી હતી અને નવી ભાગીદારીની ચર્ચા કરવામાં આવી હતી.

# આયુષ્માન ભારત યોજનાના આઠ વર્ષ પૂર્ણ

## વડાપ્રધાન મોદીએ યોજનાની અનેકવિધ સિદ્ધિઓ વર્ણાવી : દેશના ૬૦ કરોડ લોકોને ₹૫ લાખ સુધીનું આરોગ્ય કવરેજ પૂરું પાડ્યું

નવીદિલ્હી, તા. ૨૩

કેન્દ્ર સરકારની મુખ્ય આરોગ્ય યોજના, આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (અઇ ઙ્ખ-ઉંઅઢ) ને બુધવારે (૨૩ સપ્ટેમ્બર) આઠ વર્ષ પૂર્ણ થયા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે ખુશી વ્યક્ત કરી. યોજનાની સિદ્ધિઓ પર પ્રકાશ પાડતા તેમણે કહ્યું કે તેનો ઉદ્દેશ્ય દેશના દરેક નાગરિકને સસ્તું અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળ પૂરું પાડવાનો છે. પીએમએ કહ્યું કે તેણે દેશના ૬૦ કરોડ લોકોને ₹૫ લાખ સુધીનું આરોગ્ય કવરેજ પૂરું પાડ્યું છે, જે તેને વિશ્વની સૌથી મોટી આરોગ્ય યોજના બનાવે છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરતા, પીએમ મોદીએ દેશભરના તમામ લાભાર્થીઓને અભિનંદન આપ્યા. તેમણે કહ્યું કે આ યોજનાએ દેશના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને હોસ્પિટલના ખર્ચના બોજમાંથી મુક્તિ આપી છે અને દરેક ઘર સુધી આરોગ્ય સેવાઓ પહોંચાડી છે.

પીએમ મોદીએ પોતાની પોસ્ટમાં કહ્યું, ''આઠ વર્ષ પહેલાં, દરેક ભારતીયને ગુણવત્તાયુક્ત અને સસ્તું આરોગ્ય સંભાળ પૂરી પાડવાના વિઝન સાથે આયુષ્માન ભારત શરૂ કરવામાં આવ્યું હતું. આજે, ૬૦ કરોડથી વધુ લાભાર્થીઓ વાર્ષિક ₹૫ લાખનું આરોગ્ય કવર મેળવી રહ્યા છે, જે તેને વિશ્વની સૌથી મોટી આરોગ્ય સંભાળ યોજના બનાવે છે.'' પ્રધાનમંત્રીએ કહ્યું કે આનાથી તબીબી ખર્ચમાં રેકોર્ડ બચત થઈ છે, જેનાથી ગરીબ અને મધ્યમ વર્ગને ફાયદો થયો છે. તેમણે ઉમેર્યું કે આરોગ્ય સંભાળ દરેક ઘર સુધી પહોંચી રહી છે. તેમણે નોંધ્યું કે આયુષ્માન આરોગ્ય મંદિરોએ અત્યાર સુધીમાં ૫ અબજથી વધુ મુલાકાતો નોંધાવી છે, જે પાયાના સ્તરે પ્રાથમિક આરોગ્ય સંભાળને મજબૂત બનાવે છે. અંતે, પીએમ મોદીએ તમામ આયુષ્માન ભારત લાભાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી.




કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (અઇ ઙ્ખ-ઉંઅઢ) ના આઠ વર્ષ પૂર્ણ થવા પર કહ્યું કે આ યોજનાએ દેશભરના લાખો લોકો માટે આરોગ્ય સંભાળની સુલભતામાં પરિવર્તન લાવ્યું છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરતા નડ્ડાએ કહ્યું, ''આઠ વર્ષ પહેલાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સેવા પ્રતિજ્ઞા તરીકે શરૂ થયેલી વાતે લાખો લોકો માટે આરોગ્ય સંભાળની સુલભતામાં પરિવર્તન લાવ્યું છે. આયુષ્માન ભારત પીએમ-જેએવાય - વિશ્વની સૌથી મોટી આરોગ્ય વીમા યોજના - હવે દેશભરના અડધા અબજથી વધુ લોકોને આવરી લે છે.''

યોજના હેઠળ ૬૦ કરોડથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે, ૪૮.૫૪ કરોડથી વધુ આયુષ્માન કાર્ડ જારી કરવામાં આવ્યા છે, અને ૧૩ કરોડથી વધુ લોકો પહેલાથી જ સારવારનો લાભ લઈ ચૂક્યા છે. તેમણે કહ્યું, ''આ યોજના હેઠળ ૬૦ કરોડથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે, ૪૮.૫૪ કરોડથી વધુ આયુષ્માન કાર્ડ જારી કરવામાં આવ્યા છે, અને ૧૩ કરોડથી વધુ લોકોએ સારવારનો લાભ લીધો છે. આ યોજના સમગ્ર ભારતમાં પરિવારો માટે ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ અને નાણાકીય સુરક્ષાના વચનને પૂર્ણ કરી રહી છે. દેશભરમાં ૩૯,૦૦૦ થી વધુ સરકારી અને ખાનગી હોસ્પિટલો દ્વારા ૨ લાખ કરોડ રૂપિયાથી વધુની હોસ્પિટલાઈઝેશન અને સારવારનો લાભ લેવામાં આવ્યો છે.'' નડ્ડાએ જણાવ્યું હતું કે સરકાર સુલભ, સસ્તું અને સમાવિષ્ટ આરોગ્યસંભાળ પ્રણાલીને મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

### કણકોટનો યુવાન નાકરાવાડીના મેળામાં હતો ત્યારે આંખમાં મીર્ચી સ્પ્રે છાંટી શખ્સો તૂટી પડ્યા

# બે બાકાઝીકીમાં પાંચને ઈજા

## બેટી રામપરામાં છોકરી બાબતના મનદુઃખમાં બે જૂથ વચ્ચે ધોકા-પાઈપ-છરીથી જામી પડી

રાજકોટ, તા.,૨૩

મારામારીના બનાવો રોજબરોજ બનતા રહે છે. નવા જુના મનદુઃખને કારણે બટાઝટી બોલતી રહે છે. દરમિયાન જુના ડખ્ખાને કારણે બે સ્થળે નવી મારામારી થઇ ગઇ હતી. જેમાં એક બનાવમાં કણકોટના પાટીયે રહેતાં યુવાનને નાકરાવાડીના મેળામાં ઘેરી લઇ આંખમાં મીર્ચી સ્પ્રે છાંટી બાદમાં ધુસ્તા પાટાનો માર મારી છરી પણ ઝીંકાઇ હતી. બીજી ઘટના એરપોર્ટ પોલીસ સ્ટેશનના રામપર બેટી ગામે બની હતી. જેમાં પણ છોકરી બાબતના જુના ડખ્ખામાં બે જૂથ સામ સામે આવી ગયા હતાં અને ધોકા-પાઇપ-છરીથી બટાઝટી બોલાવાતાં બંને પક્ષના ચાર જણા ઘાયલ થઇ ગયા હતાં.









પ્રથમ ઘટના પર નજર કરીતે ઓ કુવાડવા રોડ પર સાત હનુમાન મંદિર પાછળ ગઇકાલે એક દિવસીય રામાપીરનો મેળો યોજાયો હોઇ તેમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટી પડ્યા હતાં. આ વચ્ચે મેળામાં ડખ્ખો થઇ જતાં કણકોટ પાટીયે રહેતાં યુવાન પર કેટલાક શખ્સોએ હુમલો કર્યો હતો. તેની આંખમાં મીર્ચી સ્પ્રે છાંટી બાદમાં મોઢા પર મુક્કા મારી છરીથી પણ ઘાયલ કરાયો હતો. માથાકુટને પગલે દોડધામ મચી ગઇ હતી. નાકરાવાડી ખાતે યોજાયેલા મેળામાં રાજકોટ તેમજ આસપાસના ગામોમાંથી લોકો અહિ આવ્યા હતાં. આ વચ્ચે કણકોટ પાટીયે રહેતો યુવાન પણ અહિ મેળામાં આવ્યો હોઇ તેના પર જુના મનદુઃખનો ખાર રાખી હુમલો કરાયો હતો.

વધુ માહિતી અનુસાર અગાઉ રેલનગર આસ્થા ચોકમાં રહેતો અને હાલ કાલાવડ રોડ કણકોટના પાટીયે રહેતો પચ્ચીસ વર્ષનો સુરેશ કેશુભાઇ ઉકેડીયા રાતે એકાદ વાગ્યે નાકરાવાડી ગામે યોજાયેલા મેળામાં હતો ત્યારે આ વિસ્તારના વિજય સહિતના શખ્સોએ અચાનક ધસી આવી હુમલો કર્યો હતો. તે લોહીલુહાણ થઇ જતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને જાણ કરી હતી. સુરેશ સાત બહેનનો એક જ ભાઇ છે અને બહેનોથી નાનો છે. તે છુટક કામ કરે છે. તેના કહેવા મુજબ તે રાતે છોકરાઓ સાથે નાકરવાડીના મેળામાં ગયો હતો.

અગાઉ એકાદ વર્ષ પહેલા વિજય સાથે બોલાચાલી થતાં તેણે વિજયને લાફો મારી લીધો હતો. આ કારણે મનદુઃખ ચાલતુ હતું. પોતે મેળામાં હતો અને છોકરાઓ સાથે નાસ્તો કરી રહ્યો હતો ત્યારે અચાનક વિજય સહિતના શખ્સો ધસી આવ્યા હતાં અને આંખમાં મીર્ચી સ્પ્રે છાંટી મોઢા પર મુક્કા માર્યા હતાં. ઢીકાપાટુનો બેફામ માર મારી પડખામાં છરીનો ઘા પણ ઝીંકી દેવાયો હતો. દેકારો થતાં લોકો ભેગા થઇ જતાં હુમલાખોરો ભાગી ગયા હતાં. સુરેશ સારવાર હેઠળ હોઇ પોલીસે તેણે કરેલા આક્ષેપો અંગે તપાસ હાથ ધરી હતી.

આવી જ એક ઘટના કુવાડવા નજીકના રામપર બેટી ગામે જુના મનદુઃખને લીધે બે અલગ અલગ પરિવારના લોકો વચ્ચે ધોકા-પાઇપ-છરીથી મારામારી થતાં બંને પક્ષના મળી ત્રણને ઈજાઓ થતાં સારવાર માટે દાખલ કરાયા છે. જુના પ્રેમપ્રકરણને કારણે આ ડખ્ખો થયો હતો. બેટી રામપર ગામમાં રહેતાં રૂપસંગભાઇ ચોથાભાઇ મકવાણા નામના બત્રીસ વર્ષના યુવાન ઉપર ગામમાં હતો ત્યારે ગામના જ વનરાજ, દિપક, વચ્છરાજ, રમેશ, હરેશ સહિતે મંડળી રચી ધોકા-પાઇપથી હુમલો કરી બેફામ માર મારતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. રૂપસંગભાઇના કહેવા મુજબ તે ટ્રોલી બેગની કંપનીમાં નોકરી કરે છે.

પોતે બે ભાઇ તથા બે બહેનમાં નાનો છે અને સંતાનમાં બે પુત્રી છે. તેણે જણાવ્યું હતુ કે છએક વર્ષ પહેલા તેના કુટુંબની એક છોકરી સાથે સામેવાળાને પ્રેમપ્રકરણ હતું. જે તે વખતે માથાકુટ થયા બાદ સમાધાન થઇ ગયું હતું. હાલમાં ફરી મનદુઃખ સર્જાયુ હોઇ જેનો ખાર રાખી હુમલો કરાયો હતો. બીજી તરફ સામા પક્ષે બેટી રામપરમાં રહેતાં છત્રીસ વર્ષના દેવરાજભાઇ ગેમાભાઇ ભલગામડીયા અને તેના મોટા બાપુના દિકરા બેતાલીસ વર્ષના રમેશભાઇ છગનભાઇ ભલગામડીયા પણ પોતાના પર હુમલો થયાની ફરિયાદ સાથે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા હતાં.

દેવરાજભાઇએ જણાવ્યા મુજબ પોતાના પર જયદિપ, રૂપસંગ, મોહિત, દિલીપ, જીવરાજ, રમેશ, રાહુલ, ધનજીભાઇ, બાબુભાઇએ ધોકા-પાઇપથી હુમલો કરતાં પોતાને અને ભાઇને ગંભીર ઈજા થઇ હતી. અગાઉ દેવરાજભાઇને સામેવાળા પક્ષની છોકરી સાથે પ્રેમ હતો. છએક વર્ષ પહેલા આ વાતે માથાકુટ થઇ હોઇ ત્યારથી મનદુઃખ હોઇ ખાર રાખી હુમલો કરાયો હતો. દેવરાજભાઇ બે ભાઇ અને એક બહેનમાં વચેટ છે અને સંતાનમાં એક દિકરો તથા એક દિકરી છે. જ્યારે રમેશભાઇ ત્રણ ભાઇ અને એક બહેનમાં મોટા છે. બંને ભાઇઓ પાન-ફાકીની દુકાન ચલાવે છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે બંને પક્ષની એન્ટ્રી એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તપાસ શરૂ કરવામાં આવી હતી. આમ જુના મનદુઃખને કારણે બે સ્થળે બાકાઝીકી બોલી ગઇ હતી.

બંને પક્ષના મળી કુલ પંદર શખ્સો સામેબે ગુના દાખલ થયા હતાં. એક બનાવમાં રૂપસંગભાઇની ફરિયાદથી પરથી દેવરાજ ગેમાભાઇ, વચ્છરાજ અમરશીભાઇ, રમેશ છગનભાઇ, ભુપત ગેમાભાઇ અને વિપુલ ભીખાભાઇ ભલગામડીયા સામે ગુનો દાખલ કરાયો છે. જ્યારે સામા પક્ષે દેવરાજભાઇની ફરિયાદ પરથી જયદિપ જગદીશભાઇ મકવાણા, સંજય જગદીશભાઇ, મોહિત ધનીભાઇ, દિલીપ ધનજીભાઇ, ધનજી ઉકાભાઇ, જેસીંગ ધુસાભાઇ, રૂપસંગ ચોથા, જીવરાજ સામંતભાઇ, રાહુલ બાબુભાઇ રમેશ બાબુભાઇ વિરૂધ્ધ ગુનો દાખલ કરાયો હતો.

### ગોંડલ રોડ ચોકડી, આજીડેમ ચોકડીએ સતત આઠ ચોરીના બનાવોથી દેકારો મચી ગયો હતો

# આઠ વાહન ચોરનાર ભાવનગરી ઉઠાવગીર ઝબ્બે

## ચાવી હોય તેવા વાહનો જ ઉઠાવી લઈ સસ્તામાં વેંચી મારતોઃ ભાવનગરી શખ્સને અને ચોરાઉ વાહન ખરીદનારાને ડીસીબીની ટીમે દબોચ્યાઃ આઠેય વાહનો કબ્જે

રાજકોટ તા. ૨૩

શહેરમાં વાહનચોરીના બનાવો વારંવાર બનતા રહે છે. ઘણીવાર તો લોકો ફરિયાદ પણ નોંધાવતા હોતા નથી. કેટલીકવાર વાહન ચોરીના બનાવોમાં લોકોની થોડીઘણી બેદરકારી પણ જવાબદાર હોય છે. વાહનમાં જ ચાવી રાખી દઇ લોકો પોતાના કામ પતાવવામાં વ્યસ્ત થઇ જતાં હોય છે. આવા લોકોની બેદરકારીનો લાભ એક ભાવનગરી ઉઠાવગીર ઉઠાવતો હતો. રાજકોટની ગોંડલ રોડ અને આજીડેમ ચોકડીએ બે મહિનામાં આઠ વાહનોની લાગલગાટ ચોરી થતાં દેકારો મચી ગયો હતો. ક્રાઇમ બ્રાંચની ટીમે અંતે આ વાહનચોરને દબોચી લઇ વાહનો કબ્જે કર્યા હતાં. તેમજ આ ચોરાઉ વાહનો ખરીદનારને પણ પકડ્યો હતો. મોજશોખ માટે પૈસાની જરૂર હોઇ ચોરીના રવાડે ચડેલો ભાવનગરી શખ્સ ભાવનગરથી રાજકોટ ખાસ વાહન ચોરવા જ આવતો હતો.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં ગોંડલ રોડ ચોકડી આસપાસની હોટેલો બહાર ભીડવાળી જગ્યાએ થોડીવાર માટે ચા-પાણી પીવા કે પાન ફાકી લેવા પોતાના વાહનોમાં ચાવી જેમની તેમ રાખીને જતાં લોકોના વાહનો ટપોટપ ચોરાઇ જતાં હતાં. બે મહિનામાં આ રીતે આઠ ટુવ્હીલર ચોરાઇ ગયા હતાં. સીસીટીવીમાં ટોપી પહેરીને આવતો શખ્સ કેદ થયો હતો. આ વાહન ચોરીઓનો ભેદ ક્રાઇમ બ્રાંચે ઉકેલી ભાવનગર કુંભારવાડાના શખ્સને ઝડપી લીધો હતો. તેમજ તેની પાસેથી સસ્તામાં ચોરાઉ વાહનો ખરીદનારો બોટાદના શખ્સને પણ દબોચી લઇ કુલ રૂા. ૩,૯૫,૦૦૦ના આઠ ચોરાઉ વાહનો કબ્જે કરાયા છે. ઉઠાવગીર છેક ભાવનગરથી રાજકોટ વાહન ચોરવા જ આવતો હતો. ગોંડલ રોડ ચોકડી આસપાસ ચાની હોટેલો, ખાણીપીણીની હોટેલો બહાર પાર્ક કરાયેલા અને જેમાં ચાલકે ચાવી રાખી દીધી હોઇ તેવા ૮ ટુવ્હીલર ચોરાઇ ગયા હતાં.

આ ચોરીની ઘટનાઓ અંગે સાત ગુના તાલુકા પોલીસમાં એન એક ગુનો આજીડેમ પોલીસમાં નોંધાયો હતો. બંને પોલીસ સ્ટેશન દ્વારા તપાસ શરૂ થઇ હતી. આ દરમિયાન ઉઠાવગીર શકમંદના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા હતાં. જેમાં તે ટોપી પહેરીને આવતો અને જેમાં ચાવી ટીંગાતી હોય તેવા જ વાહન ચોરીને ભાગી જતો દેખાયો હતો.



જો કે તેનો ચહેરો દેખાતો નહોતો. દરમિયાન ક્રાઇમ બ્રાંચના હેડકોન્સ. કૃષ્ણદેવસિંહ ઝાલા, જયદેવસિંહ પરમાર, હરસુખભાઇ સબાડ અને અર્જુનભાઇ ડવને બાતમી મળતાં ઉઠાવગીરને દબોચી લેવાયો હતો.

પુછતાછમાં પોતાનું નામ હસમુખ પ્રસાદભાઇ નિમાવત (રહે. કુંભારવાડા, નારી રોડ, પાણીના અવેડા પાસે ભાવનગર) જણાવ્યું હતું. આડત્રીસ વર્ષિય આ શખ્સની આકરી પુછતાછ થતાં તેણે રાજકોટ ગોંડલ રોડ ચોકડી આસપાસની હોટેલો બહારથી બે મહિનામાં આઠ ટુવ્હીલરની ચોરી કર્યાનું કબુલ્યું હતું. તેણે કહ્યું હતું કે તે ભાવનગરથી બસ મારફત કે બીજા વાહનમાં બેસી રાજકોટ આવતો હતો અને ગોંડલ રોડ ચોકડીએ આજીડેમ ચોકડીએ ભીડવાળી જગ્યાએ આટાફેરો કરતો હતો. જે વાહનમાં ચાવી ટીંગાતી હોઇ તે વાહન ઉઠાવી જતો હતો.

પોતે છુટક મજૂરી કરે છે. હાલમાં પૈસાની ખેંચ હોઇ મોજશોખ માટે પૈસાની જરૂર હોઇ વાહનચોરીના રવાડે ચડ્યો હતો. પોલીસે વધુ પુછતાછ કરતાં તેણે ચોરાઉ વાહનો સસ્તા ભાવે બોટાદના ગઢડા તાબેના પાટણા ગામે રહેતાં કુલદીપ જેસીંગભાઇ સિંધવ (ઉ.વ.૨૭)ને વેંચી દીધાનું કબુલતાં કુલદીપને પણ પકડી લેવાયો છે. પોલીસે રૂા. ૩૦ હજારનું કાળુ હોન્ડા, ૪૫ હજારનું હીરો ડીલક્સ હોન્ડા, ૫૦ હજારનું કાળુ એક્સેસ, ૪૫ હજારનું એક્સેસ, ૪૦ હજારનું એક્સેસ, ૪૦ હજારનુ.અન્ય એક હોન્ડા કાળા રંગનું, ૮૦ હજારનું ડાર્ક બ્લુ એક્ટીવા અને ૬૫ હજારનું હોન્ડા સાઇન ગ્રે કલરનું મળી ૩.૯૫ લાખના આઠ ચોરાઉ વાહનો કબ્જે કરાયા હતાં. વધુ કોઇ ચોરીમાં આ શખ્સ સામેલ નથી ને? તેની તપાસ હવે આજીડેમ અને તાલુકા પોલીસની ટીમો દ્વારા કરવામાં આવશે.

ડીટેક્શનની આ કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચનાથી પીઆઇ એ. એસ. ચાવડા, પીઆઇ એમ. એલ. ડામોર, પીઆઇ સી. એચ. જાદવ અને ટીમના પીએસઆઇ એ. એન. પરમાર, હેડકોન્સ. જયદેવસિંહ પરમાર, હસમુખભાઇ સબાડ, કૃષ્ણદેવસિંહ ઝાલા, અર્જુનભાઇ ડવ, અનુજભાઇ ડાંગર, મોહિલરાજસિંહ ગોહિલ, કોન્સ. રઘુવીરસિંહ જાડેજા, મયુરધ્વજસિંહ જાડેજા, ગોપાલભાઇપાટીલ, રવિરાજભાઇ પટગીરે કરી હતી. વાહનચાલકો પોતે પણ થોડી તકેદારી રાખે તો આ પ્રકારની ચોરીઓ થતી અટકી શકે તેમ છે.

### બેફામ ગતિને દોડતા વાહનો લોકોના હાડકા ભાંગે છે અને ક્યારેક બને છે જીવલેણ

# ખોટકાના કામે જઈ રહેલું દંપતિ ખંડીત

## આરટીઓ સામે રિક્ષાવાળો મોટરસાઈકલને ઉલાળીને ભાગતાં સામા કાંઠાના કાપડના વેપારી વૃધ્ધનું મોતઃ તેમના પત્નિને ફ્રેકચર

## બીજા બનાવમાં હૃદય બેસી જતાં વૃધ્ધનો જીવ ગયોઃ આપઘાતના પ્રયાસની બે ઘટનામાં યુવાન અને યુવતિ એસિડ, ફિનાઈલ પી ગયા

અમદાવાદ, તા.૨૩

શહેરમાં રોજબરોજ કોઇને કોઇ વાહનચાલકો અકસ્માત સર્જતા રહે છે. બેફામ ગતિની નીકળતાં અમુક બેદરકાર વાહનચાલકો તો જે તે લોકોને કે વાહનને ઉલાળીને ભાગી જતાં હોવાના બનાવો પણ બને છે. હજુ પરમ દિવસે જ એક નશાખોર કારચાલકને બે પોલીસમેનને બાઇક સાથે ઉલાળી દીધાની ઘટના તાજી છે. ત્યાં હવે જુના માર્કેટ યાર્ડ નજીક આરટીઓ કચેરી સામેના રોડ પર હિટ એન્ડ રનની ઘટનામાં એક વૃધ્ધ દંપતિ ખંડીત થયું હતું. જેમાંપતિનું મોત થયું હતું અને પત્નિનો ફ્રેકચર જેવી ઇજા થવા સાથે બચાવ થયો હતો. સગામાં એક અવસાન થયું હોઇ તેમને ત્યાં જઇ રહેલા આ પતિ-પત્નિના ટુવ્હીલરને ઠોકરે લઇ રિક્ષાનો ચાલક ભાગી જતાં આ અકસ્માત સર્જાયો હતો.

વિગતો પર નજર કરીએ તો રિક્ષાનો ચાલક બાઇકને ઠોકરે લઇ ભાગી જતાં બાઇકસવાર પ્રજાપતિ વૃધ્ધ અને તેમના પત્નિને ઇજા પહોંચી હતી. જેમાંથી પતિનું મૃત્યુ થતાં વૃધ્ધ દંપતિ ખંડીત થયું હતું. સગાને ત્યાં અવસાન થયું હોઇ મોઢે થવા જવા બંને નીકળ્યા હતાં. ત્યારે આ અકસ્માત નડ્યો હતો. વિશેષ માહિતી અનુસાર જુના યાર્ડ નજીક આરટીઓ કચેરી પાસે માલધારી સોસાયટી-૧માં રહેતાં બાંસઠ વર્ષના પ્રેમજીભાઇ વેલાભાઇ હળવદીયા-ગુર્જર કુંભાર એકવીસમી તારીખના રોજ ઘરેથી હોન્ડામાં પોતાના પત્નિ શારદાબેનને બેસાડી સગામાં અવસાન થયું હોઇ ત્યાં હાજરી આપવા જવા ઘરેથી રવાના થયા હતાં.

આ દરમિયાન આરટીઓની સામેના રોડ પર પહોંચતા એક રિક્ષાનો ચાલક બાઇકને ઠોકરે લઇ ભાગી ગયો હતો. આ અકસ્માતમાં પ્રેમજીભાઇને ગંભીર ઇજા પહોંચી હતી અને તેમના પત્નિ શારદાબેનનો હાથ ભાંગી ગયો હતો. પ્રેમજીભાઇ ગંભીર હાલતમાં સારવારમાં હોઇ તેમણે ગત સાંજે દમ તોડી દેતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર પ્રેમજીભાઇ ચાર ભાઇ અને એક બહેનમાં બીજા હતાં. સંતાનમાં ચાર દિકરા છે. પોતે સંત કબીર રોડ પર કાપડની દુકાન ચલાવતાં હતાં. મોભીના મોતથી હળવદીયા પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ



છે. પોલીસે જીવલેણ અકસ્માત સર્જી ભાગી ગયેલા રિક્ષાચાલકની શોધખોળ હાથ ધરી હતી.

શહેરમાં દરરોજ પોલીસ અલગ અલગ ડ્રાઇવ યોજી નંબર વગરના વાહનો, લાયસન્સ કાગળો વગર નીકળતાં વાહનચાલકો સામે કાર્યવાહી કરી દંડ વસુલતી રહે છે. પરંતુ બેફામ ગતિથી વાહનો હંકારનારા બહુ જુજ કેસ પોલીસ નોંધતી હોવાનું નગરજનો કહે છે. આવા બેદરકાર વાહનચાલકો પોતાના માટે તો જોખમ સર્જતા જ હોય છે, બીજા રાહદારીઓ, વાહનચાલકો ઉપર પણ આવા બેફામીયા વાહનચાલકો રૂપી જોખમ સતત ઝળુંબતુ રહેતું હોય છે. આ કિસ્સામાં પણ બંબાટ ઝડપે નીકળેલો રિક્ષાચાલક બાઇકને ઠોકરે લઇ ભાગી ગયો હતો. જેના કારણે એક પરિવારના મોભીનો જીવ ગયો હતો.

અપમૃત્યુની બીજી ઘટના જોઇએ તો નાના મવા રોડ સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાછળ સાનિધ્ય એપાર્ટમેન્ટ એ-૨૫૪માં રહેતાં બાંસઠ વર્ષના કિરણભાઇ પોપટભાઇ ભાલોડીયા નામના વૃધ્ધ ઘરે બેભાન થઇ જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં તાલુકા પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર કિરણભાઇ જલગંગા કારખાનામાં નોકરી કરતાં હતાં. તેઓ ત્રણ ભાઇ અને એક બહેનમાં વચેટ હતાં. સંતાનમાં એક દિકરી છે. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું. પોલીસે ચોક્કસ કારણ જાણવા મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

એક ઘટનામાં એક યુવાને માતા પિતા સાથે ઝઘડો થતાં આપઘાતનો પ્રયાસ કર્યો હતો. વિગતો જોઇએ તો સામા કાંઠે ત્રિવેણી ગેઇટ નજીક રણછોડનગરમાં રહેતાં રબીતબાગ ગોવિંદબાગ નામના અઠ્ઠાવી સ વર્ષના બંગાળી યુવાને વહેલી સવારે એસિડ પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. સવારે રબીતબાગ રૂમમાં ઉલ્ટીઓ કરવા માંડતા રૂમ પાર્ટનર જાગી ગયા હતાં. તે એસિડ પી ગયાનું જણાવતાં તુરંત સારવાર માટે ખસેડ્યો હતો. રબીતબાગ બે બહેન અને એક ભાઇમાં મોટો અને અપરિણીત છે. તે રાજકોટ રહી ચાંદીકામ કરે છે. તેના કહેવા મુજબ માતા-પિતા સાથે ફોનમાં પૈસા બાબતે ચડભડ થતાં માઠુ લાગી જતાં એસિડ પી ગયાનું જણાવાતાં પોલીસે નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

બીજા આવા બનાવમાં પેડક રોડ પર નાની અને માતા ભેગી રહેતી વીસ વર્ષની હેતાક્ષી નામની યુવતિએ ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવીઝનમાં જાણ કરી હતી. તેણી એક ભાઇથી મોટી છે. માતાએ છુટાછેડા લીધા હોઇ નાનીના ઘરે રહે છે. માતા સાથે ચડભડ થતાં તેણીને માઠુ લાગી જતાં આ પગલુ ભર્યુ હોવાનું જણાવાયું હતું.

### ટુંકા ગાળામાં રોકાણ પર મોટો ફાયદો લેવા જતાં રોજેરોજ આચરવામાં આવે છે ફ્રોડ

# કોલેજકાળના મિત્રએ લગાવ્યો 30 લાખનો ચૂનો

### કંપનીની દસ કરોડ વેલ્યુ છે રોકાણ કરશો તો મોટો ફાયદો થવાનો છે એવુ કહ્યું: પણ હકિકતે કંપની કરી રહી હતી લાખોનું નુકસાન: બીજી મોટી ઠગાઇમાં કેમિકલ કંપની પાસેથી માલ ખરીદી એક કરોડ તેત્રીસ લાખનું બૂચ મારી દીધું

રાજકોટ, તા. ૨૩

અલગ અલગ રોકાણ પર ટુંકા ગાળામાં મોટા નફાની લાલચ આપી ઠગાઇ કરનારા ગઠીયાઓ ગામોગામ પડ્યા હોય છે. આવા લેભાગુઓ તક મળતાં જ ગામના ગરીયા ફેરવી પોતાના ગજવા રૂપિયાઓથી ભરી લેતાં હોય છે. આવી જ એક ઠગાઇ સામે આવી હતી. જેમાં નુકસાન ખાઇ રહેલી કંપનીમાં રોકાણ કરાવડાવી ડીરેક્ટરો ત્રીસ લાખ ખાઇ ગયા હતાં. દસ કરોડની વેલ્યુ છે એવી ખોટી લોભામણી વાતો કરી રોકાણ કરવાનું કહી પટેલ બંધુ સાથે ફ્રોડ આચરી લેવાયુ હતું. છેતરી જનારાઓમાં એક શખ્સ આ બે ભાઇઓ પૈકીના એકનો કોલેજકાળનો મિત્ર હતો. તેના પર વિશ્વાસ મુકી નાણાનું રોકાણ કર્યુ હતું. પરંતુ તે દોસ્તીમાં દગાખોરી કરી ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદમાં લોકોને વિવિધ રીતે રોકાણ કરાવી રૂપિયા પડાવતી ગેંગ સક્રિય હોવાની ફરિયાદો વચ્ચે વધુ એ આવી ઠગાઇ પોલીસ દફતરે પહોંચી હતી. કઠવાડામાં પોપ્યુલર પોટેટો ફૂડ્સ તથા ડિક્સોરા ટેકનોલોજી નામની કંપનીમાં રોકાણ કરાવી પટેલ બંધુઓ પાસેથી ત્રીસ લાખ પડાવ્યાની ફરિયાદ નોંધાઈ હતી. પોલીસ સુત્રોના કહેવા અુનસાર કંપની નુકસાન કરતી હોવા છતાં તેને નફો કરતી દર્શાવી રોકાણ કરાવાયું હતું અને સારો નફો મળશે તેવી લાલચ આપવામાં આવી હતી. બાદમાં કંપનીને નુકસાન થયું હોવાનું કહી રોકાણકારોના રૂપિયા પરત કરવામાં આવ્યા નહોતા. આ અંગે ફરિયાદ નોંધાતાં ક્રાઇમ બ્રાન્ચે વધુ તપાસ શરૂ કરી હતી.

વધુ માહિતી અનુસાર ગાંધીનગરમાં રહેતા નૈતિકભાઈ પટેલ કઠવાડા ખાતે વજનકાંટા માટેના બાટ બનાવવાનું યુનિટ ચલાવી ધંધો કરે છે. તેમની ફરિયાદ મુજબ તેમના નાના ભાઈ પ્રતિકને તેના કોલેજકાળનો મિત્ર અવિનાશ પંખણીયા મળ્યો હતો. અવિનાશ પોપ્યુલર પોટેટો ફૂડ્સનો ડિરેક્ટર હોવાનું જણાવી પ્રતિકને કહ્યું હતું કે તેમની કંપનીમાં ફાઇનાન્સરની જરૂર છે. જો કંપનીમાં રોકાણ કરવામાં આવે તો તેમને પોપ્યુલર પોટેટો ફૂડ્સ તથા ડિક્સોરા ટેકનોલોજીમાં ડિરેક્ટર બનાવવામાં આવશે અને સારો નફો મળશે તેવી




ખાતરી આપવામાં આવી હતી. આ પછી કંપની અગાઉથી નુકસાન કરતી હોવા છતાં તેને રૂ. દસ કરોડની વેલ્યુએશન ધરાવતી હોવાનું દર્શાવી તેમાં સારો નફો થશે તેવી લાલચ આપવામાં આવી હતી.

ત્યારબાદ પટેલ બંધુઓ પાસેથી ત્રીસ લાખનું રોકાણ કરાવવામાં આવ્યું હતું. જોકે, રોકાણ કર્યા બાદ કંપનીના રિપોર્ટમાં સત્યોતેર લાખનું નુકસાન દર્શાવવામાં આવ્યું હતું. ત્યારબાદ પણ કંપની દ્વારા સતત નુકસાન દર્શાવવામાં આવતું હતું. આ અંગે પ્રતિક અને નૈતિકભાઈએ રોકાણ કરેલા નાણાં અંગે ડિરેક્ટરો સાથે વાત કરતાં કંપનીમાં નુકસાન થયું હોવાનું કહી તેમના રૂપિયા પરત કરવામાં આવ્યા નહોતા. આખરે પટેલ બંધુઓએ આ અંગે ફરિયાદ નોંધાવતાં ક્રાઇમ બ્રાન્ચે વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસમાં અવિનાશ હરિશભાઈ પંખણીયા, પરેશ પ્રવિણભાઈ પટેલ, ધવલ દીપકભાઈ ઠક્કર, સંજય વિનુભાઈ પટેલ અને દીપક લાલજીભાઈ ઠક્કર વિરૂધ્ધ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. આમ વધુ એક ગઠીયાગીરી આચરી ગઠીયાઓ લાખો ઉસેડી ગયા હતાં.

બીજી એક મોટી ઠગાઇ જોઇએ તો વડોદરાની હિતુ કેમિકલ કંપની સાથે વલસાડના વેપારી મોહિત સતપાલ સાવ્યનેહે રૂ. ૧.૩૩ કરોડના કેમિકલ ખરીદી છેતરપિંડી આચરી છે. એસિટિક એસિડ અને કોષ્ટિક સોડાના સોદા બાદ આપેલા ચેક બાઉન્સ થતાં, કંપનીએ ઉઘરાણી કરી હતી. આરોપીએ ગલ્લાંતલ્લાં કરતાં અને અન્ય ફરિયાદોની જાણ થતાં, અકોટા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. વડોદરાની એક કેમિકલ કંપની સાથે સોદો કર્યા બાદ વલસાડના વેપારીએ પેમેન્ટના વાયદા કરી ૧.૩૩ છેતરપિંડી કરી લીધી હતી.

પોલીસ સુત્રોના કહેવા અનુસાર અકોટા રોડ ઉપર આવેલી હિતુ કેમિકલ એન્ડ આલ્કલાઈન કંપનીના માર્કેટિંગ હેડ અધિકારી સંજય ગોયેલે પોલીસને કહ્યું છે કે વાપીના આનંદનગર પાછળ આવેલી ઇકોલોજી કો કેમિકલ કંપનીના સંચાલક મોહિત સતપાલ સાવ્યનેહ સાથે સંપર્ક હોવાથી વર્ષ ૨૦૨૪ માં તેણે એસિટિક એસિડ, કોષ્ટિક સોડા સહિતના રૂ.૧.૩૩ કરોડની કિંમતના કેમિકલની ખરીદી કરી અમારી કંપનીને ચેક આપ્યા હતા. પરંતુ આરોપીએ આપેલા ચેક બેંકમાંથી બાઉન્સ થયા હતા. જેથી કંપની દ્વારા વારંવાર ઉઘરાણી કરાતા આરોપીએ બહારના બતાવ્યા હતા. તેની સામે બીજે પણ ફરિયાદો થઈ હોવાની વિગત જાણવા મળતાં આખરે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. અકોટા પોલીસે આ બાબતે આરોપી સામે ગુનો નોંધ્યો હતો અને તપાસ શરૂ કરી હતી.

# સાગર કેકડો-જયસુખ પાસામાં

### થોરાળા પોલીસ મથકના ઈન્સ. શક્તિસિંહ સોઢા, પીએસઆઇ ટી.ડી. જાડેજા અને પીસીબીના એમ. આર. ગોંડલીયા અને ટીમોએ વોરન્ટ બજવણી કરી

રાજકોટ તા. ૨૩

અલગ અલગ ગુનાઓમાં સામેલ બે છાપેલા કાટલાઓને પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ પાસા તળે જેલભેગા કર્યા હતાં. જેમાં ચોરી અને મારામારી સહિતના દસ ગુનાઓમાં સામેલ ભાવનગર રોડ મનહરપરાના નામચીન શખ્સને અને રાજકોટ વાંકાનેરના દારૂના ગુનામાં સામેલ એક શખ્સને પાસામાં ધકેલાયો હતો. આ બંનેને સુરત જેલમાં મોકલાયા હતાં.

ભાવનગર રોડ રાવણ ચોક નજીક મનરપરા-૯ના ખુણે રહેતાં બત્રીસ વર્ષના સાગર ઉર્ફે કેકડો ધીરૂભાઈ ટપુભાઇ રાઠોડને પાસા તળે ધકેલવાની દરખાસ્ત જેસીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી હેતલ પટેલ, એસીપી બી. વી. જાધવની રાહબરીમાં થોરાળા પોલીસે તૈયાર કરતાં પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ મંજુર કરી તેને સુરત જેલહવાલે કરવા હુકમ કર્યો હતો. પોલીસના કહેવા મુજબ સાગર ઉર્ફે કેકડો અગાઉ ચોરી, મારામારીના દસ ગુનામાં સંડોવાઇ ચુક્યો છે. બી-ડિવીઝન, ભક્તિનગર, માલવીયાનગર, એ-ડિવીઝન, બી-ડિવીઝન, યુનિવર્સિટી પોલીસ સ્ટેશન, આજીડેમ અને થોરાળા પોલીસમાં તેના વિરૂધ્ધ આ દસ ગુના નોંધાયા હતાં. પાસા વોરન્ટની બજવણી થોરાળા પોલીસ સ્ટેશનના પીઆઇ એસ. પી. સોઢા, પીએસઆઇ ડી. ટી. જાડેજા, હેડકોન્સ. હસમુખભાઇ નીનામા, કિશોરભાઇ



પરમાર, મેરૂભા ઝાલા, કોન્સ. દિવ્યરાજસિંહ જાડેજા, જગદીશભાઇ રામ, હરદિપસિંહ ઝાલા અને સર્વેલન્સ સ્કવોડ તથા પીસીબીના પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ પી. બી. ત્રાજીયા, પીએસઆઇ આર. કે. જાડેજા, એએસઆઇ રાજુભાઇ દહેકવાલ અને ટીમે કરી હતી.

બીજી તરફ રાજકોટ શહેર અને વાંકાનેર તાલુકા પોલીસના ચોપડે દારૂના ચાર ગુનામાં અગાઉ પકડાઇ ચુકેલા શખ્સને પાસા તળે જેલહવાલે કરાયો છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ દરખાસ્ત મંજુર કરી તેને સુરત જેલહવાલે કરવા હુકમ કર્યો હતો.વાંકાનેરના જેપુર ગામે રહેતો અને રાજકોટમાં ત્રણ તથા વાંકાનેરમાં એક મળી દારૂના ચાર ગુનામાં પકડાઇ ચુકેલા ત્રીસ વર્ષનો જેપુર ગામના જયસુખ ગોરધનભાઇ બાવળીયાને પાસામાં ધકેલવાની દરખાસ્ત જેસીપી ચૈતન્ય માંડલિકની રાહબરીમાં તૈયાર થતાં પોલીસ કમિશનરે મંજુર કરી હતી.

આ વોરન્ટની બજવણીની કામગીરી પીસીબના પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ પી. બી. ત્રાજીયા, પીએસઆઇ આર. કે. જાડેજા, એએસઆઇ મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, રાજુભાઇ દહેકવાલ, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, અનિલભાઇ સોનારા, હેડકોન્સ. કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, સંજયભાઇ રૂપાપરા, પ્રદિપસિંહ સરવૈયા, યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે, હરપાલસિંહ જાડેજા, કોન્સ. દીપલબેને ચૌહાણે કરી તેને પણ સુરત જેલભેગો કર્યો હતો.

# આર્થિક ભીંસથી કંટાળી આધેડનો આપઘાત

રાજકોટ તા. ૨૩

ઢેબર રોડ અટીકા સાઉથ આહિર ચોક પાસે રજત સોસાયટી-૬માં રહેતાં આધેડે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. અટીકા નજીક રજત સોસાયટીમાં રહેતાં સુડતાલીસ વષૃના હિતષભાઇ વશરામભાઇ ભાડેશીયાએ ગઇકાલે સાંજે ઘરે ઉપરના માળે છતના હુકમાં શાલ બાંધી ગળાફાંસો ખાઇ લેતાં મોત થયું હતું. પરિવારજન ઉપરના માળે હિતષભાઇને બોલાવવા જતાં આ ઘટનાની જાણ થઇ હતી. બનાવની જાણ ૧૦૮ના ઇએમટી તબિબ સેજલબેન મારફત થતાં ભક્તિનગર પોલીસ સ્ટેશનના હેડકોન્સ. તોરલબેન જોષીએ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનારા હિતેષભાઇ છુટક મજૂરી કરતાં હતાં અને અપરિણીત હતાં. આર્થિક ભીંસથી કંટાળી આ પગલુ ભર્યાનું તારણ નીકળ્યું હતું. પોલીસે તપાસ યથાવત રાખી હતી.

### સોશિયલ મિડીયાથી મેસેજ આવ્યા બાદ પરીચય અને પ્રેમ થયો હતો

# રજીસ્ટર્ડ મેરેજ કરનાર યુવતિને પતિએ ફોન કરી કહી દીધુ હું જાઉ છું, મને ગોતતી નહિ!

### હાલ રાજકોટ રહેતી પરિણીતાની સુરત સ્થિત પતિ-સાસરિયા વિરૂધ્ધ ત્રાસની ફરિયાદ

રાજકોટ તા. ૨૩

પરિણીતાઓને અલગ અલગ કારણોસર ત્રાસ અપાતો હોવાના બનાવ અવાર-નવાર પોલીસ ચોપડે નોંધાતા રહે છે. વધુ એક આવો બનાવ સામે આવ્યો હતો. જેમાં ત્રણ વર્ષ પહેલા વ્હોટ્સએપથી પરીચયમાં આવેલા યુવાન સાથે રજીસ્ટર્ડ મેરેજ કરનાર રાજકોટની યુવતિને સુરતમાં પતિ સાસરીયાએ ત્રાસ આપતાં અને પતિ ફોન કરી હવે હું જાઉ છું મને ગોતતી નહિ તેમ કહી નીકળી જતાં તેમજ જેઠે પણ ઘરમાં રહેવા દેવાની ના પાડી દેતાં ફરિયાદ દાખલ થઇ છે.

વિગતો જોઇએ તો આ બનાવમાં મહિલા પોલીસ સ્ટેશન દ્વારા કોઠારીયા રોડ દેવપરા ચોક કૈલાસ પાનવાળી શેરીના વતની અને હાલ કોટેચા ચોક રન્નાદે હોસ્ટેલ ખાતે રહેતાં મુળ બાબરાના રાણપરના અઠ્ઠાવીસ વર્ષીય શીતલબેન ધર્મેશભાઇ ભાદાણીની ફરિયાદ પરથી સુરત મોટા વરાછા મનિષા ગરનાળા ઉતરાણ ૧૦૩-રાધે રેસીડેન્સી ખાતે રહેતાં તેણીના પતિ ધર્મેશ રમેશભાઇ બાદાણી, સસરા રમેશભાઇ કનુભાઇ ભાદાણી, સાસુ હંસાબેન, જેઠ મંથનભાઇ અને જેઠાણી હીનાબેન વિરૂધ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. શીતલબેન હાલ તેમના બહેન સાથે રહે છે અને ટુરીઝમ ઓફિસમાં નોકરી કરે



છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ શીતલબેન વર્ષ ૨૦૨૩માં રાજકોટ ખાતે રહી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા હતા.

તે દરમિયાન તેમના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યા હતાં. જેમાં તેણીના ડીપીને લઇને સારુ લખાણ કરાયું હતું. બાદમાં મેસેજ કરનાર તરીકે સુરતના ધર્મેશ ભાદાણી હોવાની ખબર પડી હતી. ધર્મેશ સાથે પરિચય થયો હતો. બંને વચ્ચે અવારનવાર મુલાકાતો અને વાતચીત થતાં તા. ૧૦/૧૨/૨૦૨૩ના રોજ સુરતના રામનાથ મંદિર ખાતે બંનેએ લગ્ન કર્યા હતા. લગ્ન બાદ ફેબ્રુઆરી ૨૦૨૪માં શીતલબેન સુરત ખાતે પોતાના સાસરે રહેવા ગયા હતા.

ત્યાં થોડા સમય બાદ ઘરમાં નાની-નાની બાબતોમાં અંદરોઅંદર ઝઘડા શરૂ થયા હતા. શીતલબેનની તબિયત સારી ન હોવા છતાં સાસુ હંસાબેન અને જેઠાણી હિનાબેન તેમની પાસે બળજબરીથી ઘરકામ કરાવતા હતા અને સતત મેણાં-ટોણાં મારી માનસિક ત્રાસ આપતા હતા. ત્યારબાદ પતિ-પત્નિને અમરોલી ખાતે ભાડાના મકાનમાં રહેવા જવાની ફરજ પાડવામાં આવી હતી. અમરોલી ખાતે ભાડાના મકાનમાં રહેતા દરમિયાન પણ સાસુ, સસરા અને જેઠ મંથનભાઈ અવારનવાર પતિ ધર્મેશને શીતલબેન વિરૂધ્ધ ચડામણી કરતા હતા. આ ચડામણીના કારણે પતિ તેમની સાથે અવારનવાર ઝઘડા કરતો હતો.

બાદમાં જૂન ૨૦૨૬માં જ્યારે શીતલબેન અને તેમના પતિ વચ્ચે વિવાદ વધતાં પોલીસ સ્ટેશને વાતચીત થઈ હતી, ત્યારે જેઠ અને પતિએ છૂટાછેડા લેવાની માંગ કરી ઝઘડો કર્યો હતો. ત્યારબાદ હોટલમાં રોકાણ દરમિયાન પતિના ફોનમાં અન્ય કોઈ છોકરીનો ફોન આવતાં શીતલબેને પુછપરછ કરી હતી. આ વાત પર ઉશ્કેરાઈને પતિ ધર્મેશે શીતલબેનને ઢીકાપાટુનો ઢોર માર માર્યો હતો. તા. ૧૪/૬/૨૦૨૬ના રોજ પતિ ધર્મેશે શીતલબેનને ફોન કરીને હું જાઉં છું, આજ પછી મને ગોતતી નહિ તેમ કહી ફોન કાપી નાખ્યો હતો.

આ બાબતે સાસુ-સસરા કે જેઠ પાસે પુછપરછ કરતાં તેમણે કોઈ સરખો જવાબ આપ્યો ન હતો અને જેઠે ફોન પર સ્પષ્ટ કહી દીધું હતુ. કે ધર્મેશ કપડાંનો થેલો લઈને જતો રહ્યો છે અને હવે તમારે અમારા ઘરે આવવાનું નથી. અંતે કોઈ માર્ગ ન મળતાં તેણીએ રાજકોટ આવીને પતિ, સાસુ, સસરા, જેઠ, જેઠાણી વિરૂધ્ધ શારીરિક-માનસિક ત્રાસ આપવા અને મારપીટ કરવા અંગે ગુનો નોંધ્યો છે. પીઆઇ આર. જી. પઢીયારના માર્ગદર્શનમાં આસી સબ ઇન્સ.દિલીપસિંહ જેસંગભાએ ફરિયાદ નોંધી હતી.

### યુવાનના ટુવ્હીલરની ઠોકરે બે રાહદારી ચડ્યા પછી પોતે પણ ફેંકાઇ ગયો

# બે લોકોને ઠોકરે લેનાર ચાલકનું મોત

### બીજી ઘટનામાં ઘરમાં ભભૂકેલી આગથી મહિલાનો જીવ ગયો: ત્રીજી ઘટનામાં ત્રીસ વર્ષના યુવાનનું દિલની દગાખોરીથી થયું મૃત્યુ

રાજકોટ તા. ૨૩

રોજબરોજ અલગ અલગ લોકોને પરલોકના તેડા આવી જતાં હોય છે. કોઇને કોઇ અપમૃત્યુની ઘટનામાં અલગ અલગ પરિવારો પોતાના સ્વજનોને કાયમે માટે ગુમાવી દેતાં હોય છે. વધુ આવી ત્રણ ઘટના બની હતી. જેમાં એક વિચીત્ર અકસ્માતના કિસ્સામાં યુવાનનો જીવ ગયો હતો. આ યુવાન મોટરસાઇકલ હંકારીને જતો હતો ત્યારે કાબુ ગુમાવતાં પગપાળા જઇ રહેલા બે લોકો તેના વાહનની ઠોકરે ચડ્યા બાદ પોતે પણ ફેંકાઇ જતાં ગંભીર ઇજા થઇ હતી જેના કારણે મોત થયું હતું. બીજી ઘટનામાં એક મહિલા માટે રસોડામાં લાગેલી આગ જીવલેણ નીવડી હતી. ત્રીજી ઘટનામાં એક ત્રીસ વર્ષના યુવાનને દિલ દગો દઇ જતાં તેનો જીવ ગયો હતો.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો રાજકોટ જીલ્લાના લોધીકાના માખાવડ પાસે વિચીત્ર અકસ્માત સર્જાતો હતો. જેમાં એક બાઇકચાલકે પગપાળા જઇ રહેલા બે રાહદારીને ઠોકરે લીધા બાદ પોતે બાઇક સહિત ફેંકાઇ જતાં ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું છે. મુળ એમપીનો આ યુવાન ખેત મજૂરી કરતો હતો. વધુ માહિતી અનુસાર લોધીકાના સાંગણવા ગામે વાડીમાં રહી ખેત મજૂરી કરતો મુળ મધ્યપ્રદેશનો બેતાલીસ વર્ષનો સાલસિંગ ભુજરન બામણીયા નામનો યુવાન સાંજે સાડા છએક વાગ્યે બાઇક હંકારી વાડીએથી રીબડા ચોકડી તરફ કોઇ કામ માટે જતો હતો ત્યારે રસ્તામાં માખાવડ સમર્પણ ઇન્ડસ્ટ્રીઝ ગેઇટ-૨ પાસે બે રાહદારી પગપાળા જઇ રહ્યા હોઇ તેને સાલસિંગે ઠોકરે ચડાવતાં બંને રાહદારી ફેંકાઇ ગયા હતાં.

બાદમાં પોતે પણ રોડ પર ફેંકાઇ જતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. મૃત્યુ પામનારને સંતાનમાં ચાર દિકરી અને બે દિકરા છે. પોતે ખેત મજૂરી કરી ગુજરાન ચલાવતો હતો. આ બનાવ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ



ચોકીના સ્ટાફ મારફત જાણ કરવામાં આવતાં લોધીકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

બીજી ઘટનામાં આગ જીવલેણ બની ગઇહતી. અમરેલીના ધારી તાબેના કોઠા પીપળીયા ગામે ગેસ લિકેજથી રસોડામાં આગ ભભૂકતાં દાઝી જતાં એક મહિલાનું મૃત્યુ થયું હતું. વિશેષ માહિતી અનુસાર કોઠા પીપળીયા ગામે રહેતાં રંભીબેન સુરેશભાઇ પડસારીયા નામના પંચાવન વર્ષના મહિલા ગત આઠમી તારીખે સવારે પાંચેક વાગ્યે ઘરના રસોડામાં ભડકો થતાં દાઝી જતાં ધારી-અમરેલી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

તેમનું આજે વહેલી સવારે સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે ધારી પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર રંભીબેનને સંતાનમાં એક દિકરો અને બે દિકરી છે. પતિ સુરેશભાઇ પશુપાલન કરી ગુજરાન ચલાવે છે. સગાના કહેવા મુજબ રાતે ગેસના ચુલામાંથી ગેસ લિક થતો રહ્યો હતો અને રાતભર લીક થયેલો ગેસ રસોડામાં ભરાઇ ગયો હતો. તેનાથી અજાણ રંભીબેને સવારે પાંચ વાગ્યે જાગીને ચા બનાવવા ગેસના ચુલા પાસે લાઇટરથી સ્પાર્ક કરતાં જ ભડકો થયો હતો અને તેઓ લપેટમાં આવી ગયા હતાં અને સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો.

ત્રીજી અપમૃત્યુની ઘટનામાં એક પરિવારના જુવાનજોધ દિકરાને દિલ દગો દઇ ગયુ હતું. યુવાનોના પણ હૃદય રોગના હુમલાથી મૃત્યુ થઇ રહ્યાના બનાવોમાં વધારો થયો છે. ચોટીલાના થાનગઢના અભેપર ગામે રહેતાં ત્રીસ વર્ષના ભગવાનજી વિરજીભાઇ જેજરીયા નામના યુવાનનું હાર્ટએટેકથી મૃત્યુ થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. ભગવાનજી ગઇકાલે સવારે ઘરે હતો ત્યારે એકાએક બેભાન થઇ જતાં સારવાર માટે રાજકોટ ખસેડાયેલ. પરંતુ અહિ સારવામાં દમ તોડી દેતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે થાન પોલીસને જાણ કરી હતી. તે ત્રણ ભાઇમાં મોટો હતો અને કારખાનામાં મજૂરી કરતો હતો. સંતાનમાં એક દિકરો છે. પોલીસે મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા થાન પોલીસે કાર્યવાહી કરી પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. યુવાન દિકરાના મૃત્યુથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. આમ ત્રણ પરિવારોએ પોતાના સ્વજનોને ગુમાવી દીધા હતાં.

શેર બજારમાં કમાણી કરો, ઘરે બેઠા કમાણી કરો એવા ગતકડાઓ વહેતા મુકી ઘરે બેઠા કમાણી કરે છે ગઠીયાઓ

# યુવાને રોકડા મેળવવા જતાં ૨૨ લાખ ખોયા

## જગદીશ રાણાએ સોલ્યુશન સેન્ટ્રલ નામના ટેલીગ્રામ ગ્રુપમાં એડ કરી પછી અનન્યા નામની આઇડી પરથી મેસેજ આવ્યાઃ તેણે કહ્યું એક કર્યુ અને બન્યો ફ્રોડનો ભોગ

રાજકોટ, તા.,૨૩

ઘરે બેઠા ટાસ્કથી કમાણી કરવાની લાલચમાં અનેક છેતરાઇ રહ્યા છે. વધુ એક આવા બનાવમાં એક યુવાન ઝપટે ચડી ગયો હતો. જેમાં હોટેલનું રેટીંગ આપી કમાણી કરવાની લ્હાય તેને બાવીસ લાખ અઠાવન હજારનો ડામ આપી ગઇ હતી. બીજી તરફ ફેસબૂકમાંઆવેલી જાહેરાતના નંબર પરથી ટીકીટ કેન્સલ કરવા ફોન કરતાં એક નિવૃત પ્રોફેસરના પોણા બે લાખથી વધુ રૂપિયા ગાયબ થઇ ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો સેવાસીના કન્સ્ટ્રક્શન વેપારી હિતેન્દ્ર જોષી હોટલ રેટિંગના નામે છેતરાયા છે. તેમને ઘરે બેઠા કમાણીની લાલચ આપી ટેલિગ્રામ દ્વારા વિવિધ ટાસ્કમાં ફસાવવામાં આવ્યા હતા. શરૂઆતમાં નાની રકમ પરત મળતાં વિશ્વાસ બેઠો, પરંતુ બાદમાં ૨૨.૫૮ લાખ રૂપિયા ગુમાવ્યા. જગદીશ રાણા, અનન્યા મહેતા સહિત પાંચ સામે ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. હોટલના રેટિંગ આપવાથી ઘેર બેઠા કમાણી થશે તેવી લાલચમાં ફસાયેલા સેવાસીના કન્સ્ટ્રક્શન સાથે સંકળાયેલા વેપારીએ વિવિધ ટાસ્કમાં ફસાઇને રૂપિયા૨૨.૫૮ લાખ ગુમાવ્યા હતાં.

વધુ માહિતી અનુસાર સેવાસી રોડ પર જૂની પ્રિયા ટોકિઝ પાછળ એન ક્રેસ્ટ એપાર્ટમેન્ટમાં રહેતા હિતેન્દ્ર કોદરભાઇ જોષીએ જગદીશ રાણા, ટેલીગ્રામમાં એટ ધ રેટ અનન્યા મહેતા, દિયા, રાજેશ મન્ટોર નામનું આઇડી ધરાવતી વ્યક્તિઓ સહિત પાંચ સામે તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે હું કન્સ્ટ્રક્શનનો ધંધો કરું છું. કોઇ જગદીશ રાણાએ મને સોલ્યુશન સેન્ટ્રલ નામના ટેલીગ્રામ ગૃપમાં એડ કર્યો હતો બાદમાં અનન્યા નામની આઇડી પરથી વ્યક્તિગત મેસેજ આવ્યો હતો જેમાં તમે હોટલોને રેટિંગ આપી ઘેર બેઠા કમાણી કરી શકો છો તેમ જણાવ્યું હતું.

આ ઉપરાંત ઘેર બેઠા કમાણી માટે મેં હા પાડી હતી જેથી તેણે હોટલને રેટિંગ અને રિવ્યૂ આપવા બાબતની ટેલીગ્રામની એક



લિન્ક મોકલી હતી જેને ઓપન કરી રિવ્યૂ આપતા વળતર પેટે રૂપિયા બસ્સો મળ્યા હતાં. બાદમાં મને ટાસ્ક આપતા હતા અને રૂપિયાની લેવડદેવડ કરવાની હતી જેથી શરૂઆતમાં હું રકમ આપું તો વધારે રકમ સાથે તે પરત મળતી હતી પરંતુ જ્યારે મોટી રકમ મારા એકાઉન્ટમાં દેખાઇ ત્યારે તે રકમ અનફ્રિઝ જણાઇ હતી. આ રકમ અનફ્રિઝ કરવા માટે વધારે રકમ ભરવી પડશે, ક્રેડિટ સ્કોર ઓછો છે, તમારો ખાતા નંબર ખોટો છે તેમ કહી વધારાની રકમ ભરાવીને કુલ રૂપિયા ૨૨.૫૮ લાખ પડાવ્યા હતાં. મારી સાથે ફ્રોડ થયું હોવાનું જણાતા મેં ૧૯૩૦ પર ફરિયાદ કરી હતી. ઉપરોક્ત વિગતોની ફરિયાદના પગલે પોલીસે વધારે તપાસ હાથ ધરી હતી.

બીજી ઠગાઇ જોઇએ તો અમદાવાદના ઘાટલોડિયામાં રહેતા નિવૃત્ત પ્રોફેસર સાથે ૧.૮૭ લાખની છેતરપિંડી થઈ છે. વૃદ્ધે ફેસબુક પર જોયેલી જાહેરાત પરથી એક વ્યક્તિને ફોન કરીને કેનેડાની સસ્તા ભાવમાં પાંચ ટિકીટ બુક કરાવીને ૩.૧૭ લાખનું પેમેન્ટ કર્યુ હતું. જ્યારે બોર્ડીંગ પાસ ન આવ્યો ત્યારે વૃદ્ધને શંકા જતા તેમણે તપાસ કરી હતી. ત્યારે ગઠિયાએ જાણ કર્યા વગર જ ત્રણ ટિકીટ કેન્સલ કરાવીને ૧.૮૭ લાખ પડાવીને છેતરપિંડી આચરી હતી. આ મામલે ઘાટલોડિયા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. મેમનગરમાં રહેતા અમૃત પટેલ ત્રણેક વર્ષ પહેલા લાલ દરવાજાની સીટી કોલેજમાંથી -ોફેસર તરીકે નિવૃત થયા હતા. તેમનો પુત્ર કેનેડામાં સિટીઝન હોવાથી પત્નિ અને એક પુત્રી સાતેક માસ પહેલા જ કેનેડા ગયા હતા. અમૃતભાઇ અને તેમની દીકરીને પણ કેનેડા જવાનું હોવાથી તેમણે ફેસબુકમાં આવેલી જાહેરાત જોઇને તેમાં આપેલા નંબર પર મેસેજ કર્યો હતો.

આ પછી વાત કરનાર ગઠિયાએ લાઇટની ટિકીટ ડિસ્કાઉન્ટ સાથે કરી આપવાનું કહીને એક ટિકીટનો ૬૦ હજાર ભાવ જણાવ્યો હતો. જેથી અમૃતભાઇએ ૬૦ હજારમાં એક ટિકીટ બુક કરાવી હતી. જે બાદ પોતાની અને તેમના ભાઇની એમ કુલ ૫ ટિકીટ કરાવીને રૂ. ૩.૧૭ લાખ ચુકવ્યા હતા. જે દિવસે લાઇટ હતી તેના આગલા દિવસ સુધી બોર્ડીંગ પાસ ન આવતા તેમને શંકા ઉપજી હતી. તપાસ કરતા ગઠિયાએ ત્રણ ટિકીટ કેન્સલ કરીને રૂ. ૧.૮૭ લાખનું રિફંડ પોતે મેળવી ઠગાઇ આચર્યાની હકીકત સામે આવી હતી. આ મામલે ઘાટલોડિયા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતો.

# ભેદી રીતે દાઝી ગયેલા દસ વર્ષના બાળકનું મોત

## તાલાલનો બનાવઃ પરિવારનો આક્ષેપ એવો હતો કે પાડોશી બાળકે પેટ્રોલ છાંટી સળગાવ્યોઃ પોલીસની પ્રાથમિક તપાસમાં ધમાલ નૃત્યની પ્રેકટીસ વખતે દાઝી ગયાનું ખુલ્યું હતુંઃ તપાસનો ધમધમાટ



રાજકોટ તા. ૨૩

ગીર સોમનાથ તાબેના તાલાલામાં નરસિંહ ટેકરી વિસ્તારમાં રહેતો દસ વર્ષનો સીદી બાદશાહ બાળક ભેદી રીતે દાઝી ગયા બાદ લાંબી સારવારને અંતે રાજકોટમાં મોત થતાં પરિવારમાં માતમ છવાઇ ગયો છે.

વિગતો જોઇએ તો તાલાલામાં ગત ૨૮ ઓગષ્ટના રોજ સાંજે ઘર નજીક રમવા ગયો ત્યારે ગંભીર રીતે દાઝી જતાં તાલાલા, જુનાગઢ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. તેનું આજે સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. રાજકોટ હોસ્પિટલ ચોકીના સ્ટાફની પ્રાથમિક પુછતાછમાં આ બાળકને તે પકડમપટ્ટી રમવા ગયો ત્યારે બીજા ત્રણ છોકરા સાથે માથાકુટ થતાં છોકરાઓએ પેટ્રોલ છાંટી સળગાવી દીધો હોવાનું જણાવાયું હતું. આથી રાજકોટ પોલીસે તાલાલા પોલીસને આ મુજબની નોંધ કરાવી હતી.

જો કે તાલાલા પોલીસની તપાસમાં તે મોઢામાં પેટ્રોલ ભરી ધમાલ નૃત્યની પ્રેક્ટીસ કરતી વખતે આ બાળક દાઝી ગયો હોવાનું ખુલ્યું હતું. જાણવા મળ્યા મુજબ તાલાલા ગીરમાં નરસિંહ ટેકરી વિસ્તારમાં રહેતો મુજાહીદ બગસભાઇ સાયલી નામનો દસ વર્ષનો બાળક અઠ્ઠાવીસમી ઓગષ્ટની સાતેક વાગ્યે ઘર પાસે રમતો હતો ત્યારે ગંભીર રીતે દાઝી જતાં તેની ચીસો સાંભળી બાળકના માતા હીનાબેન તેમજ બીજા લોકો દોડી ગયા હતાં. મુજાહીદને પ્રથમ તાલાલા હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે જુનાગઢ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જો કે હાલત વધુ ગંભીર હોઇ તેને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો હતો.

અહિ બુધવારે તેણે દમ તોડી દીધો હતો. મુજાહીદ બે ભાઇ અને બે બહેનમાં નાનો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ મુજબની નોંધ તાલાલા પોલીસ સ્ટેશનમાં કરાવી હતી. તાલાલા પોલીસે રાજકોટ પહોંચી તપાસ કરી હતી. દરમિયાન તાલાલા પોલીસ સ્ટેશનનો આ ઘટના બારામાં સંપર્ક કરતાં જણાવાયું હતુ કે આ બનાવમાં બાળકને સળગાવી દીધાની હકિકત સામે આવી નથી. પરંતુ બાળકો મોઢામાં પેટ્રોલ ભરી ધમાલ નૃત્યની પ્રેકટીસ કરતાં હતાં ત્યારે ભડકો થતાં તે દાઝી ગયો છે. આમ છતાં વિશેષ તપાસ યથાવત રાખવામાં આવી છે. આ બનાવે તાલાલ નરસિંહ ટેકરી વિસ્તારમાં ચકચાર જગાવી દીધી હતી.

સાયબર ગઠીયાઓ એક એકથી ચડીયાથી તરકીબોથી કરી રહ્યા છે સતત છેતરપીંડી

# કંપનીનું ઇ-મેઇલ હેક કરી ગઠીયાએ સેરવી લીધા રોકડા

## બીજી તરફ કંપની સાથે કર્મચારી સહિત બે જણાએ સાથે મળીને કરી સાડત્રીસ લાખની છેતરપીંડી

રાજકોટ તા. ૨૩

સાયબર ફ્રોડની ઘટનાઓ અટકવાનું નામ નથી લેતી વધુ આવા બનાવો પોલીસ ચોપડે ચડ્યા હતાં. એક કંપનીનું ગઠીયાઓએ ઇ-મેઇલ હેક કરી ખોટી ઓળખ ધારણ કરી રોકડા ખંખેરી લીધા હતાં. છેતરપીંડી મામલે વેપારીએ પોલીસને જાણ કરી હતી. બીજી તરફ એક કંપની સાથે બે શખ્સોએ કંપનીને સાડત્રીસ લાખની ઠગાઇ કરી હતી.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો સુરતની કાંતિલાલ ચુનીલાલ એન્ડ સન્સ એપ્લિકેશન પ્રાઇવેટ લિમિટેડ નામની કંપનીનું ઇ-મેલ આઇડી હેક કરી અને ખોટી ઓળખ ધારણ કરી હીટર મેળવવા માટે કરવામાં આવેલા ઓર્ડરનું બાકી પેમેન્ટ રૂપિયા૨.૦૭ લાખ રૂપિયા સાઇબર ગઠીયાએ પોતાના એકાઉન્ટમાં નખાવી છેતરપિંડી કરી હોવાની ફરિયાદ ખોખરા પોલીસ સ્ટેશનમાં નોંધાઇ હતી. મણિનગર વિસ્તારમાં રહેતા અને કેમિકલ ઇક્વિપમેન્ટનું વેચાણ અને ઇન્સ્ટોલેશન કરનારા બેનું પ્રભાકર નામના વ્યક્તિએ હીટર મેળવવા માટે કાંતિલાલ ચુનીલાલ એન્ડ સન્સ એપ્લિકેશન પ્રાઇવેટ લિમિટેડનો સંપર્ક કર્યો હતો, જેમાં એડવાન્સ ૮૭,૫૦૦ તેમના બેન્ક એકાઉન્ટમાં નાખ્યા હતા.

આ પ્રોસેસ પછી કંપનીના એક ઇમેલ આઇડી પરથી ઇમેલ આવ્યો હતો, જેમાં બાકીનું પેમેન્ટ અન્ય બેન્ક એકાઉન્ટમાં નાખવા માટે મોકલી આપ્યું હતું. જેથી પૈસા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ જાણ થઈ હતી કે પેમેન્ટ



થયું જ નથી જેથી કોઈએ ઇ-મેલ આઇડી હેક કરી બેન્ક એકાઉન્ટમાં પૈસા નખાવી દીધા છે. જેથી આ મામલે ખોખરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

બીજી ઠગાઇ જોઇએ તો વડોદરામાં વેપાર કરતી કંપની સાથે નફો કરાવવાની લાલચ આપી ૩૭.૧૬ લાખ રૂપિયાની છેતરપિંડી કર્યાની ફરિયાદ નોંધાઈ છે. એક આરોપીએ કંપનીના ડાયરેક્ટરનો નોકરીના બહાને વિશ્વાસ કેળવી લોન પેટે ૧૨.૭૮ લાખ રૂપિયા લીધા હતા, જ્યારે તેના કહેવાથી બીજા આરોપીની વાલ્વ બનાવતી કંપનીમાં ૩૫.૮૦ લાખ રૂપિયા ટ્રાન્સફર કરાયા હતા. ડાયરેક્ટરની ફરિયાદના આધારે પોલીસે બંને સામે ગુનો નોંધ્યો હતો. પોલીસ સુત્રોએ જણાવ્યું કે વડોદરાના વાસણા રોડ વિસ્તારમાં રહેતા ત્રીસ વર્ષીય મનનભાઈ દાવડા સુકાન એન્જિનિયરિંગ પ્રા.લિ. કંપનીમાં ડાયરેક્ટર તરીકે વ્યવસાય કરે છે. કંપની વર્ષ ૧૯૮૮માં શરૂ કરવામાં આવી હતી અને હાલ તેઓ સહિત અન્ય ડાયરેક્ટરો કંપનીનું સંચાલન કરે છે.

બાદમાં તા.મુંબઈના પ્રશાંત જનાદેન જામનીએ મનનભાઈનો સંપર્ક કરી પોતાની એપકો કંપની ફડચામાં ગઈ હોવાનું જણાવ્યું હતું. તેણે કંપનીમાં નોકરી આપવા અથવા તેની કંપની ખરીદવાની ઓફર કરી હતી. બાદમાં પ્રશાંતને કંપનીમાં કર્મચારી તરીકે જોડવામાં આવ્યો હતો અને તેને માસિક રૂ.૫૦ હજાર પગાર આપવાનું નક્કી થયું હતું. પ્રશાંતે શરૂઆતમાં કંપનીને સારા ઓર્ડર અપાવી નફો કરાવ્યો હોવાથી તેના પર વિશ્વાસ વધ્યો હતો. ત્યારબાદ તેણે અંગત લોનના નામે નાણાંની માંગણી શરૂ કરી હતી. તેના કહેવા મુજબ સુકાન એન્જિનિયરિંગના બેંક ખાતા તથા ફરિયાદીના બેંક ખાતામાંથી પ્રશાંતના બેંક ઓફ બરોડાના ખાતામાં ટુકડે-ટુકડે રૂ.૧૨,૭૮,૧૧૫ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત પ્રશાંતે મુંબઈની 'રોટોર્ક વાલ્વ ઓટોમેશન' કંપનીના માલિક પ્રવિણકુમાર સાથે ઓળખાણ કરાવી હતી. વાલ્વની ખરીદીમાં સારો નફો મળશે તેમ કહી તેની કંપની પાસેથી વાલ્વ ખરીદવાની સલાહ આપી હતી. ઓર્ડરની પચાસ ટકા રકમ એડવાન્સ અને બાકીની રકમ માલ મળ્યા બાદ ચૂકવવાની શરતે વ્યવહાર શરૂ થયો હતો. અલગ-અલગ ઓર્ડર પેટે રોટોર્ક કંપનીના બેંક ઓફ બરોડા અને યશ બેંકના ખાતામાં કુલ રૂ.૩૫,૮૦,૯૨૧ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. જોકે તેની સામે માત્ર રૂ.૧૧,૪૨,૫૪૫નો માલ મોકલવામાં આવ્યો હતો. જ્યારે બાકી રૂ.૨૪,૩૮,૩૭૬નો માલ આજદિન સુધી મોકલાયો નથી કે રકમ પરત કરવામાં આવી નથી. આ રીતે પ્રશાંત પાસેથી લોન પેટે રૂ.૧૨,૭૮,૧૧૫ તથા વાલ્વના વ્યવહારમાં બાકી રૂ.૨૪,૩૮,૩૭૬, એમ કુલ રૂ.૩૭,૧૬,૪૯૧ની રકમ અંગે પોલીસ ફરિયાદ કરવામાં આવતાં તપાસ શરૂ થઇ હતી.

જે ફોન ખરીદ કર્યો હતો તે ફાવ્યો નહિ એટલે ઓનલાઇન વેંચવા મુક્યો હતો

# ડોક્ટરની ઓળખ આપી ગઠીયો છેતરી ગયો

## ફોન ખરીદવાની વાત કરી વિશ્વાસ કેળવી રોકડા ટ્રાન્સફર કરાવી લીધાઃ પછી ફોન કરી દીધો બંધઃ સાયબર ક્રાઇમ પોલીસે શરૂ કરી તપાસ

રાજકોટ તા. ૨૩

સાયબર ગઠીયાઓ સોશિયલ મિડીયા માધ્યમનો દુરૂપયોગ કરી દરરોજ સાયબર ફ્રોડ આચરી લોકને છેતરી રહ્યા છે. તો બીજી તરફ રૂબરૂ આવીને પણ ગઠીયાઓ દાવ ખેલી રહ્યા છે અને લોકોના રૂપિયા ઉસેડી રહ્યા છે. આવી જ એક ઠગાઇ એક વેપારી સાથે થઇ હતી. જેમાં એક વેપારીને ડોક્ટર તરીકે ઓળખ આપી ગઠીયો નાણા પડાવી ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદના રખિયાલ વિસ્તારમાં મોબાઇલ વેપારી સાથે નવ્વાણું હજાર રૂપિયાની ઠગાઈ થઈ હતી. ગ્રાહકના સાળા તરીકે ઓળખ આપીને એક અજાણ્યા શખ્સે ઓએલએક્સ પર જાહેરાત જોઈને વેપારીને વિશ્વાસમાં લીધા હતાં. ગિટમાં મળેલા મોંઘા ફોનના વેચાણના બહાને બારકોડ દ્વારા નાણાં મેળવીને ઠગે ફોન સ્વિચ ઓફ કરી દીધો. વેપારીએ સાયબર હેલ્પલાઇન અને રખિયાલ પોલીસમાં ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ કરવામાં આવી હતી.

વધુ માહિતી અનુસાર અમદાવાદના રખિયાલ વિસ્તારમાં મોબાઇલ લે-વેચનો વેપાર કરતા એક વેપારી સાથે ગ્રાહકનો સાળો હોવાની ઓળખ આપીને રૂ. ૯૯,૦૦૦ ની ઠગાઈ આચરવામાં આવી હોવાની ઘટના સામે આવી હતી. ગિટમાં મળેલા મોંઘા મોબાઇલના વેચાણના બહાને ભેજાબાજે ઓનલાઈન બારકોડ દ્વારા નાણાં મેળવીને ફોન સ્વિચ ઓફ કરી દીધો હતો. રખિયાલ ખાતે મોબાઇલની દુકાન ચલાવતા મોહમદ આમિર પાસેથી અગાઉ પ્રવણભાઇ પંચાલ નામના ગ્રાહકે રૂ. ૧.૯૯ લાખની કિંમતનો સેમસંગ ગેલેક્સી ઝેડ ફોલ્ડ ખરીદ્યો હતો.

આ પછી વાપરામાં આ ફોન ફાવતો ન હોવાથી પ્રવિણભાઇએ પોતાના દીકરા વરૂણના મોબાઇલથી ઓએલએક્સ પર વેચાણ માટે જાહેરાત મૂકી હતી. દરમિયાન એક અજાણ્યા શખ્સનો ફોન આવ્યો હતો, તેણે પોતાની ઓળખ ગાંધીનગરથી પ્રવિણભાઇના




સાળા ડોક્ટર અમિત શર્મા તરીકે આપી હતી. ભેજાબાજે જણાવ્યું કે તેને આ મોંઘો ફોન ખરીદવો છે અને વેપારી સાથે ભાવ નક્કી કરીને આખો પ્લાન બનાવ્યો હતો.

આથી વેપારીએ પોતાના મિત્ર અંસારી શકીલને ઓઢવ સ્થિત વરૂણ પાસે ફોન ચેક કરવા માટે મોકલ્યો હતો. ફોન બરાબર હોવાની ખાતરી થયા બાદ કથિત અમિત શર્માએ વેપારીને ફોન કરીને જણાવ્યું કે મોબાઇલ મિત્ર પાસે આવી ગયો છે અને તે બારકોડ મોકલે છે જેમાં રૂ. ૯૯,૦૦૦ મોકલી આપે. આ વિશ્વાસમાં આવીને વેપારીએ સાહીલ શકીલ શેખ નામના બારકોડ પર ગૂગલ પે દ્વારા નાણાં ટ્રાન્સફર કરી દીધા હતા. નાણાં જમા થતાં જ ગઠિયાએ પોતાનો ફોન બંધ કરી દીધો હતો.

બીજી તરફ વરૂણે વેપારીના મિત્રને નાણાં ન મળ્યા હોવાનું જણાવતા સમગ્ર ઠગાઈનો ભાંડો ફૂટ્યો હતો. પોતાની સાથે છેતરપિંડી થયાનું જણાતાં વેપારીએ તાત્કાલિક સાયબર હેલ્પલાઇન ૧૯૩૦ પર સંપર્ક કર્યો હતો. ત્યારબાદ રખિયાલ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ દ્વારા બારકોડ અને મોબાઇલ નંબરના આધારે ઠગને ઝડપી પાડવા માટે ટેકિન્કલ સર્વેલન્સ અને સીસીટીવી ફુટેજની મદદથી સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી.

આમ સોશિયલ મિડીયા સાઇટ મારફત ગઠીયાએ ફુલ નહિ તો ફુલની પાંખડી મુજબ બહુ મોટી નહિ તો ય નવ્વાણું હજારની ઠગાઇ કરી લેવામાં સફળતા મેળવી હતી. આ પ્રકારે ગઠીયાઓ રોજ રોજ નવા જુના નુસ્ખાઓનો ઉપયોગ કરી લોકો પાસેથી જે રકમ મળે તે ખંખેરી લેતાં હોય છે. નજર હટી દુર્ઘટના ઘટીની જેમ જ ગઠીયાઓ લોકોની સ્હેજ અમથી ગફલતને તક બનાવીને તેની સાથે ફ્રોડ આચરી લેતાં હોય છે. આ કિસ્સો પણ તેનો પુરાવો છે.

### ઘરવિહોણા-ડીમોલેશનના અસરગ્રસ્ત લોકોને ક્યારે મળશે રહેઠાણ?

# મનપાનો આવાસ ડ્રો રદ્દ થતાં ભારે વિવાદ

## અધિકારીઓ-નેતાઓની મિલીભગત સામે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો, ૧૬૩ લાભાર્થીઓ રઝળી પડ્યા

રાજકોટ, તા. ૨૩

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તાજેતરમાં યોજાયેલા આવાસ યોજનાના ડ્રોને અચાનક રદ્દ કરી દેવામાં આવતાં વિસ્થાપિતો અને અસરગ્રસ્તોમાં ભારે રોષની લાગણી વ્યાપી ગઈ છે. મેયર દ્વારા લેવાયેલા આ આકરા નિર્ણયને પગલે અનેક ગરીબ પરિવારો ઘરવિહોણા બનીને અત્યંત વિકટ પરિસ્થિતિમાં મૂકાયા છે. મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ઘરવિહોણા અને વિવિધ ડીમોલેશનના અસરગ્રસ્ત લોકોને રહેઠાણ આપવા માટે ડ્રો યોજવામાં આવ્યો હતો. આ ડ્રો અંતર્ગત ૮૦ ફૂટ રોડ પર આવેલી વીર તાત્યા ટોપે ટાઉનશીપ, સંતકબીર રોડ પર સ્થિત ગોકુલનગર આવાસ તેમજ રવિશંકર આવાસ યોજનાના મકાનોની ફાળવણી કરવામાં આવી હતી. આ પ્રક્રિયામાં જંગલેશ્વર મેગા ડીમોલેશનના ૪૨ અસરગ્રસ્તો ઉપરાંત લલુંડી વોકળી, સાગરનગર અને બેટ દ્વારકા વિસ્તારના વિસ્થાપિતો સહિત કુલ ૧૬૩ લાભાર્થીઓને આવાસ ફાળવવામાં આવ્યા હતા. પરંતુ તંત્ર દ્વારા સમગ્ર ડ્રો જ રદ્દ કરી દેવાતાં આ તમામ ૧૬૩ લાભાર્થીઓની ફાળવણી એકઝાટકે રદ્દ થઈ ગઈ છે.

અગાઉ રાજકોટ મનપા દ્વારા આવાસ યોજનાના ડ્રોની તમામ કામગીરી 'નેશનલ ઈન્ફર્મેટિક્સ સેન્ટર' (NIC) જેવી તટસ્થ અને નિષ્પક્ષ સરકારી સંસ્થા પાસે કરાવવામાં આવતી હતી. જોકે, ગઈઈ દ્વારા અચાનક ના પાડવામાં આવ્યા બાદ મનપા તંત્રએ બહારની સંસ્થાને બદલે આ સંવેદનશીલ જવાબદારી પોતાના જ કોમ્પ્યુટર વિભાગને સોંપી દીધી હતી. મનપાના જ વિભાગ દ્વારા ડ્રો કરવામાં આવતાં પ્રક્રિયાની પારદર્શિતા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. સ્થાનિક લોકો અને વિપક્ષ હવે એવી ભારપૂર્વક માંગ કરી રહ્યા છે કે આવા વિવાદો ટાળવા અને ગેરરીતિ અટકાવવા માટે ડ્રોની સમગ્ર



પ્રક્રિયા મનપાને બદલે ફરી કોઈ નિષ્પક્ષ સરકારી સંસ્થાને જ સોંપવી જોઈએ.

ડ્રો રદ્દ થવાને કારણે મુશ્કેલીમાં મુકાયેલા જંગલેશ્વરના અસરગ્રસ્ત રજાક કુરેશીએ પોતાનો આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, ડ્રો રદ્દ કરવા પાછળનું સ્પષ્ટ કારણ તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું નથી. શરૂઆતમાં તમામ લાભાર્થીઓને ૪ થી ૫ દિવસમાં પ્રથમ હપ્તો ભરીને ચાવી લઈ જવાનું કહેવામાં આવ્યું હતું. પરંતુ ત્યારબાદ કરાયેલા રી-સર્વેમાં કેટલાક ઓપરેટરો અને મનપા કર્મચારીઓની મિલીભગતથી બોગસ ક્વાર્ટર અને ખોટા નામો ઉમેરાયા હોવાનું બહાર આવ્યું હતું. મનપા તંત્ર પોતાની આ ભૂલ અને ભ્રષ્ટાચારને છુપાવવા માટે સાચા લાભાર્થીઓના ક્વાર્ટર પણ રદ્દ કરી રહ્યું છે. હાલમાં ભાડું ભરી શકે તેમ ન હોવાથી લોકો પ્લાસ્ટિક બાંધીને, કારખાનામાં કે છાપરામાં રહેવા મજબૂર બન્યા છે. જંગલેશ્વર એકતા કોલોની, લલુંડી વોકળી, દ્વારકા, સાગરનગર અને ભારતનગરના પીડિતો માંગ કરી રહ્યા છે કે દોષિત અધિકારીઓ સામે પગલાં લેવામાં આવે અને સાચા લાભાર્થીઓને આવાસ ફાળવવામાં આવે, અથવા તો તેમને તેમની જૂની જગ્યાએ ફરીથી ઝૂંપડા બાંધવાની મંજૂરી આપવામાં આવે.

રાજકોટ મનપાના પૂર્વ વિપક્ષી નેતા વશરામ સાગઠિયાએ આ મામલે શાસક પક્ષ પર તીખા પ્રહારો કરતાં આરોપ લગાવ્યો છે કે આ સમગ્ર ગેરરીતિમાં મોટા નેતાઓનો હાથ અને ભાગીદારી છે. કયા નેતાઓ કોને બચાવી રહ્યા છે તે પ્રજા સમક્ષ જાહેર થવું જોઈએ. તેમણે માંગ કરી હતી કે જો આમાં ભાજપના કોઈ નેતા કે કાર્યકર સામેલ હોય તો પણ તેમની સામે આકરા પગલાં લેવા જોઈએ. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ કૌભાંડમાં સામેલ કોન્ટ્રાક્ટરને તાત્કાલિક બ્લેકલિસ્ટ કરવો જોઈએ, તેના રાજકોટ ખાતેના તમામ ચાલુ કામો રદ્દ કરવા જોઈએ અને તેના બાકી નીકળતા બિલ પણ અટકાવી દેવા જોઈએ. તેમણે મેયરને પત્ર લખીને રજૂઆત કરી છે કે શહેરની પ્રજા રોજિંદો ભ્રષ્ટાચાર જોઈ રહી છે, જેથી આ સમગ્ર બાબતે તટસ્થ તપાસ કરાવીને દોષિતો સામે દાખલો બેસે તેવી કાર્યવાહી કરવામાં આવે.

# ડે. મેયર આવાસ મામલે ગરમાયું રાજકારણ

## આવાસ પ્રકરણથી પ્રદેશ ભાજપમાં ગરમાવો : ડેપ્યુટી મેયરનો બચાવ કશું જ છુપાવ્યું નથી, માત્ર બદનામ કરવાનું કાવતરું

રાજકોટ, તા. ૨૩

રાજકોટ મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી સામે યુનિવર્સિટી રોડ પર આવેલી નટરાજનગર આવાસ યોજનામાં ક્વાર્ટરનો ગેરલાભ લેવાના આક્ષેપો બાદ સ્થાનિક રાજકારણમાં ભીષણ ગરમાવો આવી ગયો છે. આ વિવાદ હવે માત્ર મહાનગરપાલિકા કે સ્થાનિક શહેર ભાજપ પૂરતો સીમિત ન રહેતા, રાજ્યના પ્રદેશ ભાજપ હાઈકમાન્ડ અને લોહાણા સમાજમાં પણ ગાજી રહ્યો છે. આ આખા પ્રકરણને સળગતું રાખવામાં ભાજપના જ આંતરિક વિરોધીઓ અને જૂના-નવા નેતાઓની ભૂમિકા હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. પોતાના જ પક્ષના અંતરંગ જૂથો દ્વારા વિગતો લીક કરવામાં આવી હોવાની શંકાઓ વચ્ચે, પ્રદેશ હાઈકમાન્ડ દ્વારા પણ આ મુદ્દે ગંભીરતા



દાખવીને સ્થાનિક સ્તરેથી પૂછપરછ હાથ ધરવામાં આવી હોવાના અહેવાલો છે.

ઉલ્લેખનીય છે કે, હજુ ગયા સપ્તાહે જ રાજકોટ ભાજપના પ્રભારી અને પ્રદેશ મહામંત્રી અનાનિરુદ્ધ દવેએ તમામ કોર્પોરેટરોની તાકીદની બેઠક બોલાવી હતી. જેમાં પક્ષની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડનાર અથવા શિસ્તભંગ કરનાર સામે સસ્પેન્શન સુધીના કડક પગલાં લેવાની આડકતરી ચેતવણી આપવામાં આવી હતી. આ સૂચનાઓ છતાં આંતરિક ખટપટ સપાટી પર આવતા સંગઠન બેકફૂટ પર આવી ગયું છે.

ગંભીર આક્ષેપો સામે આવ્યા બાદ ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી છેલ્લા ત્રણ દિવસથી મનપાની કચેરીએ જવાનું ટાળી રહ્યા છે અને આક્ષેપોથી વ્યથિત થઈને રડી પડ્યા હોવાનું જાણવા મળ્યું છે. પોતાનો પક્ષ મૂકતાં તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૫માં જ્યારે આવાસ માટે અરજી કરી ત્યારે સોગંદનામામાં પરિવારની તમામ માલિકીની મિલકતો અને રહેણાંક અંગેની વિગતો સ્પષ્ટપણે જાહેર કરવામાં આવી હતી. પોતાના નામે કે પરિવારના નામે મકાન હોવાનો જાહેરનામામાં સ્વીકાર કરાયો છે. કપાતમાં ગયેલી જગ્યાના બદલે કોર્પોરેશને નિયમાનુસાર જ આ આવાસની ફાળવણી કરી છે. સરકારી કે સત્તાવાર દસ્તાવેજોની તપાસ કરવાથી દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રે પોતાની છબી ખરડવા માટે આ પૂર્વઆયોજિત પ્રયાસ કરાઈ રહ્યો છે.

એકતરફ ભાજપના સંગઠનમાં આ મુદ્દે મોટો અસંતોષ અને શિસ્તભંગનો મુદ્દો ગાજી રહ્યો છે, તો બીજી તરફ લોહાણા સમાજના રાજકીય ચહેરાઓ વચ્ચે પણ આ વિષય ચર્ચાનો વિષય બન્યો છે. આગામી દિવસોમાં મનપાના સત્તાધિશો અને પ્રદેશ નેતાગીરી આ વિવાદને સમસમીને બેસાડી દે છે કે કડક પગલાં ભરે છે તેના પર સહુની નજર ટકેલી છે.

# ભંગારના ધંધાર્થીઓ-ફેરીયાઓ પર નિયંત્રણ

## ગુનાખોરી ડામવા તંત્રનો નિર્ણય : ગેરકાયદેસર કે દબાણ કરેલી જમીન પર ધંધો કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ

રાજકોટ, તા. ૨૩

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં સતત વધતી મિલકત સંબંધી ગુનાખોરી, ધાડ, લૂંટ અને ચોરી જેવા બનાવો પર કાયમી લગામ કસવા માટે રાજકોટ જિલ્લા અધિક મેજિસ્ટ્રેટ દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને શિસ્તબદ્ધ પગલું ભરવામાં આવ્યું છે. ઈન્ડસ્ટ્રીયલ એરિયા અને જી.આઈ.ડી.સી. વિસ્તારોને આવરી લેતા ભંગારના વેપાર સાથે સંકળાયેલા તમામ લોકો માટે પ્રથમવાર આ પ્રકારનું ખાસ કડક જાહેરનામું પ્રસિદ્ધ કરી ચોક્કસ મર્યાદાઓ અને કાયદાકીય શરતો લાગુ કરવામાં આવી છે. રાજકોટ ગ્રામ્ય જિલ્લો રાજકોટ શહેરની સરહદ સાથે જોડાયેલો હોવાથી અને તેમાં વિશાળ જી.આઈ.ડી.સી. વિસ્તારો આવેલા હોવાથી અવારનવાર ઘરફોડ ચોરી અને મિલકત સંબંધી ગુનાઓ બનતા હોય છે. આ ગુનાઓ પાછળનું એક મુખ્ય કારણ ભંગારના ધંધા સાથે સંકળાયેલા તત્વો હોવાનું



સામે આવ્યું છે. મોટાભાગે ભંગારનો ધંધો કે ફેરી કરતા લોકો બહારના રાજ્યોમાંથી આવતા હોય છે અને કોઈ પણ ગુનો આચર્યા બાદ તુરંત પોતાના વતન ભાગી જતા હોય છે, જેના કારણે પોલીસ માટે તેઓને પકડવા અને તપાસ આગળ ધપાવવી અત્યંત મુશ્કેલ બની જતી હોય છે.

આ સમગ્ર પરિસ્થિતિને ધ્યાને રાખીને કાયદો અને વ્યવસ્થાની સુચારૂ જાળવણી માટે તંત્ર દ્વારા કડક નિયમો નક્કી કરવામાં આવ્યા છે, જેનું પાલન કરવું હવે દરેક ભંગારના ધંધાર્થી માટે ફરજિયાત બનશે. નવા જાહેરનામા મુજબ ભંગારનો વેપાર માત્ર કાયદેસરની જમીન પર જ કરી શકાશે અને ગેરકાયદેસર કે દબાણ કરેલી જમીન પર ધંધો કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. જો જગ્યા પોતાની માલિકીની હોય તો તેના દસ્તાવેજી પુરાવા અને ભાડાની હોય તો કાયદેસરનો ભાડાકરાર રજૂ કરવાનો રહેશે. આ ઉપરાંત ધંધાર્થીઓ, ફેરીયાઓ અને આ વ્યવસાય સાથે જોડાયેલા દરેક વ્યક્તિએ પોતાના મૂળ વતનનું તેમજ હાલમાં જ્યાં રહેતા હોય તે વિસ્તારનું પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ (PCC) મેળવીને રાખવું પડશે. સાથોસાથ દુકાન કે ગોડાઉનમાં કામે રાખેલા તમામ મજૂરો અને કર્મચારીઓના મૂળ વતન તથા હાલના રહેઠાણના પુરાવાઓ સાથે આઈડી પ્રૂફની નકલ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે. જો કોઈ વેપારી સમક્ષ શંકાસ્પદ કે ચોરીનો મુદ્દામાલ વેચાણ અર્થે આવે, તો તેની તુરંત જ પોલીસને જાણ કરવાની રહેશે. તંત્રનો મુખ્ય ઉદ્દેશ્ય વેપારને અટકાવવાનો નથી પરંતુ ગુનાહિત પ્રવૃત્તિઓ પર આકરો પ્રહાર કરી શાંતિ જાળવવાનો છે.

# શહેરના ૧૦ સર્કલ PPP ધોરણે બનશે હાઈટેક

## કોર્પોરેશનને થશે કરોડોની કમાણી : ૫ વર્ષના ઓપરેશન અને મેન્ટેનન્સ માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ

રાજકોટ, તા. ૨૩

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય માર્ગોની ટ્રાફિક વ્યવસ્થા સુધારવા અને સૌંદર્યીકરણને નવો લુક આપવા માટે મોટી કવાયત હાથ ધરવામાં આવી છે. પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ એટલે કે ડ્ડ્ડ ધોરણે શહેરના ઈસ્ટ અને સેન્ટ્રલ ઝોનમાં આવેલા ૧૦ મુખ્ય સર્કલો અને આઈલેન્ડને વિકસાવવા માટે તંત્ર દ્વારા સત્તાવાર ટેન્ડર પ્રસિદ્ધ કરીને ઈચ્છુક સંસ્થાઓ અને કંપનીઓ પાસેથી ઓફરો મંગાવવામાં આવી છે. આ પ્રોજેક્ટ હેઠળ પસંદગી પામેલી એજન્સીઓને સર્કલ ડેવલપ કરવાની સાથે પાંચ વર્ષ માટેના ઓપરેશન અને મેન્ટેનન્સ (OM) રાઈટ્સ પ્રીમિયમથી સોંપવામાં આવશે.



મનપા દ્વારા જાહેર કરવામાં આવેલા ટેન્ડર મુજબ ઈસ્ટ અને સેન્ટ્રલ ઝોનના અત્યંત વ્યસ્ત અને મહત્વના કહી શકાય તેવા વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં સંતકબીર રોડ પર આવેલ જલગંગા ચોક, પેડક રોડ પરના સેટેલાઈટ ચોક અને બાલક હનુમાન ચોક, નેહરૂનગર ૮૦ ફુટ રોડ સ્થિત આહીર સર્કલ, ચુનારાવાડ ચોક સર્કલ, માધાપર મેઈન રોડ અને એઈમ્સ રોડ જંકશન સર્કલ, સ્વ. નારણભાઈ કુંગસિયા ચોક, રેલનગરમાં વોર્ડ ઓફીસ ૩-ડી સામેનું સર્કલ, કૃષ્ણનગર મેઈન રોડ પરનો સ્વામિનારાયણ ચોક તેમજ રેલ્વે સ્ટેશન સામે આવેલા સાધુ વાસવાણી કુંજ ચોકના આઈલેન્ડને જનભાગીદારીથી ડેવલપ કરવામાં આવશે.

આ માટે રસ ધરાવતી કંપનીઓ કે સંસ્થાઓએ પ્રતિ સર્કલ અને આઈલેન્ડ માટે નિયત થયેલા અપસેટ વાર્ષિક પ્રીમિયમ સાથે પોતાની ઓફર મોકલવાની રહેશે. ઓફર જમા કરાવવાની છેલ્લી તારીખ ૫ ઓક્ટોબરના રોજ સાંજે ૬ કલાક સુધીની રાખવામાં આવી છે. આ સિવાય રજૂ કરવામાં આવતી ઓફરના કવર ઉપર સ્પષ્ટપણે કયા સર્કલ કે આઈલેન્ડ માટે બીડ કરવામાં આવી છે તેનું નામ દર્શાવવું ફરજિયાત રહેશે. ટેન્ડર અંગેની વધુ વિગતો મનપાની સત્તાવાર વેબસાઈટ તેમજ ૧૫૦ ફીટ રિંગ રોડ પર નાનામવા ચોકડી ખાતે આવેલા મલ્ટી એક્ટિવિટી સેન્ટરના ત્રીજા માળે ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ શાખા પરથી મેળવી શકાશે.

ઉલ્લેખનીય છે કે હાલમાં પણ પીપીપી ધોરણે અપાતા ટ્રાફિક સર્કલોના કારણે મહાપાલિકાના તંત્રને વાર્ષિક આશરે એકાદ કરોડ રૂપિયા જેટલી માતબર આવક થઈ રહી છે. પ્રથમ તબક્કાની આ પ્રક્રિયા બાદ આગામી દિવસોમાં મનપામાં નવા ભળેલા વિસ્તારો જેવા કે મોટા મવા, માધાપર, મુંજકા, મનહરપુર-૧, ઘંટેશ્વર, કોઠારીયા અને વાવડી ઉપરાંત ન્યુ રિંગ રોડ પર આવેલા સર્કલોના ડેવલપમેન્ટ માટે પણ આ જ ધોરણે ટેન્ડર બહાર પાડવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતાઓ સેવાઈ રહી છે.

### કુવાડવા નજીક ગણેશ વિસર્જનનો હર્ષ ક્ષણવારમાં મરશિયામાં ફેરવાયો!

# પિતા-પુત્ર-ભત્રીજાને કાળ ભરખી ગયો

## કુવાડવા-વાંકાનેર રોડ પર ખોડિયાર મંદિર પાસેની કરૂણાંતિકાઃ રાણપુરના ચૌહાણ પરિવાર પર આભ તૂટી પડ્યું, ફાયર બ્રિગેડે મિનિટોમાં જ મૃતદેહો બહાર કાઢ્યા

રાજકોટ, તા.૨૩

રાણપુર ગામની શિવધારા રેસિડેન્સીની શેરી નંબર ૭ માં વહેલી સવારથી જ ભારે ઉમંગ અને ઉત્સાહનું વાતાવરણ હતું. દસ દિવસ સુધી ભાવભેર પૂજા-અર્ચના કર્યા બાદ, આજે ગણપતિ દાદાને વિદાય આપવાની વેળા આવી હતી. ૫૦ વર્ષીય ધીરુભાઈ ભલાભાઈ ચૌહાણના પરિવારમાં ભક્તિનો માહોલ હતો. તેમનો ૧૩ વર્ષનો વહાલસોયો પુત્ર નયન અને ૩૦ વર્ષીય યુવાન ભત્રીજો પણ બાપાના વિસર્જન માટે ભારે થનગનાટ કરી રહ્યા હતા. ગુલાલની છોળો, આરતીનો નાદ અને 'ગણપતિ બાપા મોર્યા' ના ગગનભેદી જયઘોષ સાથે આ પરિવાર કુવાડવા-વાંકાનેર રોડ પર આવેલા ખોડિયાર માતાજીના મંદિર નજીકના ચેકડેમ પર પહોંચ્યો હતો. કોને ખબર હતી કે આ વિદાય માત્ર ગજાનન મહારાજની નહીં, પરંતુ આ પરિવારના ત્રણ હસતા-રમતા સભ્યોની અંતિમ વિદાય બની રહેશે!

ચેકડેમના કિનારે આસ્થાનો મહાસાગર હિલોળા લઈ રહ્યો હતો. ઢોલ-નગારાના તાલે ભક્તો ઝૂમી રહ્યા હતા અને હર્ષોલ્લાસ સાથે મૂર્તિઓનું વિસર્જન થઈ રહ્યું હતું. આ જ ઉમંગભર્યા માહોલ વચ્ચે ચૌહાણ પરિવારના સભ્યો પાણીમાં આગળ વધ્યા. અચાનક, કાળે પોતાનો ક્રૂર પંજો ફેલાવ્યો. મૂર્તિ પધરાવવાના પ્રયાસમાં કોઈનો પગ લપસ્યો કે પાણીનો ઊંડો ગરકાવ આવ્યો, તે સમજાય તે પહેલાં જ ૧૩ વર્ષનો માસૂમ નયન ચેકડેમના ઉંડા પાણીમાં ગરકાવ થવા લાગ્યો.

પોતાના કાળજાના કટકા જેવા દીકરાને પાણીમાં ડૂબતો અને તરફડતો જોઈને એક પિતાનો જીવ કેમ ચાલે? પોતાના જીવની સહેજ પણ પરવા કર્યા વિના ૫૦ વર્ષીય પિતા ધીરુભાઈએ પુત્રને બચાવવા માટે સીધી જ પાણીમાં છલાંગ લગાવી. પરંતુ પાણીનું વહેણ અને ઊંડાણ બંને અત્યંત જીવલેણ હતા. પિતા-પુત્ર બંનેને મોતના મુખમાં ધકેલાતા જોઈને





કાંઠે ઉભેલા ૩૦ વર્ષીય યુવાન ભત્રીજાથી પણ રહેવાયું નહીં. પોતાના ભાઈ અને કાકાને બચાવવાની તીવ્ર ઝંખના સાથે તેણે પણ તે ઊંડા અને અજાણ્યા જળમાં ઝંપલાવ્યું. પરંતુ, કમનસીબીની પરાકાષ્ઠા એ હતી કે ચેકડેમનું રાક્ષસી પાણી આ ત્રણેયને પોતાની ભેંકાર આગોશમાં ખેંચી ગયું.

માત્ર થોડી જ સેકન્ડોમાં ઢોલના અવાજો અચાનક ચિચિયારીઓ અને હૈયાફાટ આક્રંદમાં ફેરવાઈ ગયા. કાંઠે ઉભેલા અન્ય ભાવિકોના શ્વાસ અધ્ધર થઈ ગયા અને ભારે દેકારો મચી ગયો. ચૌહાણ પરિવાર સાથે આવેલા સંબંધી દિલીપભાઈ સોમાભાઈની આંખો સામે જ તેમના પરિવારના ત્રણ સભ્યો પાણીમાં ગાયબ થઈ ગયા હતા.

બનાવની જાણ થતાં જ રાજકોટ મનપાની ઈઆરસી સ્ટેશનની મીની ફાયર વાન તાત્કાલિક સાયરન વગાડતી ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયરની ટીમના જવાનો શાહબાઝખાન, દિલીપભાઈ ગાંગડીયા, મનોજ ડાભી, ચેતનભાઈ, પરેશ રાઠોડ, ધનરાજ મેટાલિયા અને મહિપાલસિંહ રાણાએ પરિસ્થિતિની ગંભીરતા સમજીને તુરંત જ પાણીમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું. દસથી બાર મિનિટની શ્વાસ થંભાવી દે તેવી શોધખોળ બાદ, આ જવાનોએ એક પછી એક ત્રણેયના નિષ્પ્રાણ દેહને પાણીમાંથી બહાર કાઢ્યા. જ્યારે ચેકડેમના કાંઠે એકસાથે ત્રણ મૃતદેહો મૂકવામાં આવ્યા, ત્યારે ત્યાં ઉપસ્થિત રહેલા દરેક વ્યક્તિની આંખોમાંથી ચોધાર આંસુ વહી રહ્યા હતા. મનપાના ફાયર સ્ટાફની ત્વરિત કામગીરીની સરાહના તો થઈ, પરંતુ ત્રણ જિંદગીઓ બચાવી ન શકાયાનો અફસોસ સૌના ચહેરા પર સ્પષ્ટ હતો.

આ ગોઝારી ઘટનાની જાણ થતાં એરપોર્ટ પોલીસ સ્ટેશનના પીઆઈ બી.વી. સરવૈયા અને પીએસઆઈ જાડેજા સહિતનો સ્ટાફ તાત્કાલિક દોડી આવ્યો હતો. રાણપુર ગામના સરપંચ લાલાભાઈ પણ ભારે હૈયે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તેમની હાજરીમાં ફાયર બ્રિગેડના જવાનોએ મૃતદેહો પોલીસને સોંપ્યા હતા. ત્યારબાદ પોલીસે ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે નજીકના કુવાડવા પીએમ રૂમ ખાતે ખસેડ્યા હતા.

એક જ પરિવારના ત્રણ-ત્રણ સભ્યોના પાણીમાં ડૂબી જવાથી થયેલા આકસ્મિક મોતથી ચૌહાણ પરિવાર પર જાણે આભ ફાટી પડ્યું છે. પરિવારનો મુખ્ય આધારસ્તંભ, એક આશાસ્પદ યુવાન અને એક ખીલતું ફૂલ - ત્રણેય હંમેશા માટે શાંત થઈ ગયા. ગણપતિ વિસર્જન ટાણે સર્જાયેલી આ હૃદયદ્રાવક કરુણાંતિકાએ સમગ્ર રાણપુર-કુવાડવા પંથકમાં ઘેરો શોક ફેલાવી દીધો છે. જે શેરીમાં સવારે ભક્તિ અને ઉત્સવનો માહોલ હતો, ત્યાં હવે માત્ર ક્યારેય ન રુઝાય તેવી ચીસો, આંસુઓ અને કાળો ખાલીપો જ બચ્યો છે.